
Friday, 14 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



"જો તમે સૂર્યની જેમ ચમકવું હોય, તો પહેલા સૂર્યની જેમ બળતા શીખવું પડશે."
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૪૦ ● સંવત-૨૦૮૨ શ્રાવણ સુદ બીજ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

# દમણ-મરવડ ખાતે નવનિર્મિત નમો હોસ્પિટલનો ઔપચારિક આરંભ

**સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલે હોસ્પિટલની મુલાકાત લઈ નિરીક્ષણ કરી નવજાત બાળકીઓ અને તેમના પરિવારને બેટી જન્મ મહોત્સવની પહેલ રૂપે વિતરિત કરેલી અભિનંદન કિટ ■ દમણ સહિત આજુબાજુના વિસ્તાર માટે નિષ્ણાત તબીબી સેવાઓ ઉપલબ્ધ**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૩**

આજે દમણના મરવડ ખાતે ૩૪૨ બેડ ધરાવતી અદ્યતન નમો હોસ્પિટલનો ઔપચારિક આરંભ સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની ઉપસ્થિતિમાં થયો છે. આ હોસ્પિટલના આરંભથી દમણ સહિત આજુબાજુના વિસ્તારો માટે નિષ્ણાત તબીબી સેવાઓ ઉપલબ્ધ થવાનો આશાવાદ જાગ્યો છે.

આજે સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે દમણ-મરવડની નમો હોસ્પિટલની મુલાકાત લઈ વિધિવત કાર્યારંભ કરાવ્યો હતો અને તેમણે નવજાત જન્મેલ કન્યા શીશુ અને તેમના પરિવારને અભિનંદન કિટનું વિતરણ કર્યું હતું અને બેટી જન્મોત્સવ મહોત્સવની પહેલ પણ કરી હતી.

સંઘપ્રદેશના પ્રશાસકશ્રીએ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને ફળનું વિતરણ કર્યું હતું અને તેમના હાલચાલ પણ જાણ્યા હતા અને હોસ્પિટલ અંગે પ્રતિભાવ પણ મેળવ્યો હતો.

આ પ્રસંગે સંઘપ્રદેશના પ્રશાસકશ્રીના સલાહકાર શ્રી અંકુર ગર્ગ, જિલ્લા કલેક્ટર શ્રી સૌરભ મિશ્રા, પોલીસના ઉચ્ચ અધિકારીઓ, પ્રશાસનિક અધિકારીઓ, જિલ્લા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખો, સરપંચો, કાઉન્સિલરો, જિલ્લા પંચાયતના સભ્યો, પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા, ડો. વી. કે. દાસ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.





## ભારત સરકાર દ્વારા

# દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ પટેલને કેન્યાની નેશનલ એસેમ્બલીના સ્પીકર અને સંસદીય પ્રતિનિધિ મંડળના સત્તાવાર સ્વાગત માટે મળેલી અમૂલ્ય તક







**સંસદ પરિસરમાં આયોજીત ભારત-કેન્યા દ્વિપક્ષીય સંસદીય સંવાદમાં લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાની સાથે ભારતીય સંસદીય દળના સભ્ય તરીકે ઉમેશભાઈ પટેલને પણ સહભાગી થવાનો મળેલો અવસર**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવી દિલ્હી, તા.૧૩**

ભારત સરકાર તરફથી દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલને કેન્યાની નેશનલ એસેમ્બલીના સ્પીકર અને સંસદીય પ્રતિનિધિ મંડળના ભારત આગમન ઉપર એરપોર્ટ ઉપર રાજનીતિક અને ઔપચારિક સ્વાગત કરવાની જવાબદારી સુપ્રત કરી હતી.

**સંઘપ્રદેશના સંસદીય ઇતિહાસમાં સાંસદ તરીકે ભારત સરકાર દ્વારા વિદેશી અતિથિઓના સત્કારના નેતૃત્વની દમણ-દીવ કે દાનહના સાંસદને તક મળી હોય એવી આ પ્રથમ ઘટના**

પ્રાપ્ત માહિતી પ્રમાણે કેન્યાની નેશનલ એસેમ્બલીના સ્પીકર અને સંસદીય પ્રતિનિધિ મંડળના નેતા ડો. મોસેસ એમ. વેટાંગઉલ્લા અને તેમની સાથે સાંસદ શ્રી ડેવિડ ઓચિયેન્ગ, સાંસદ શ્રી માર્ક મેવેન્જે, સાંસદ સુશ્રી લિયાડીયા હાઈકા મીનેને, સાંસદ ઓમર મ્યુની સિમ્બવા સહિત નેશનલ એસેમ્બલીના વરિષ્ઠ અધિકારીઓ અને પ્રતિનિધિઓ સામેલ છે.

સંસદ પરિસરમાં આયોજીત ભારત-કેન્યા દ્વિપક્ષીય સંસદીય સંવાદમાં ભારતની લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાની સાથે ભારતીય સંસદીય દળના સભ્ય તરીકે શ્રી ઉમેશભાઈ પટેલને પણ સહભાગી થવાનો અવસર મળ્યો હતો.

- (વધુ પાના નં.૨ પર)

# પિતૃઓના આત્માની શાંતિ માટે ભાગવત સર્વોત્તમઃ પ.પૂ. પ્રફુલભાઈ શુક્લ

**ઉમરગામના ધોડીપાડા ખાતે સાંસ્કૃતિક હોલમાં વિશ્વપ્રસિદ્ધ ભાગવતાચાર્ય પ્રફુલભાઈ શુક્લની ભાગવત કથાના પ્રથમ દિવસે ઉમટેલો માનવ મહેરામણ**



**ઉમરગામના ૧૦૮ ગામોમાંથી નિકળેલી પોથીયાત્રા ધોડીપાડા ખાતે વિજયભાઈ પાટકરના નિવાસ સ્થાને એકત્ર થઈ સાંસ્કૃતિક ભવન તરફ ઢોલ-નગારા-બેન્ડવાજા અને શરણાઈના સૂર સાથે પ્રસ્થાન કરતા ભાગવતમય બનેલો સમગ્ર વિસ્તાર**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ધોડીપાડા, તા.૧૩**

આજે ઉમરગામ તાલુકાના ૧૦૮ ગામોમાંથી નિકળેલી ભવ્ય પોથીયાત્રા સાથે ધોડીપાડાના સાંસ્કૃતિક ભવનમાં વિશ્વ પ્રસિદ્ધ કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લની ભાગવત કથાનો મંગળમય પ્રારંભ થયો હતો. કથાના કન્વીનર શ્રી વિજયભાઈ પાટકરના નિવાસ સ્થાને અલગ અલગ ગામોમાંથી ૧૦૮ પોથી એકત્ર થઈ ભવ્ય પોથીયાત્રાનું સાંસ્કૃતિક ભવન તરફ પ્રસ્થાન થયું હતું.

શ્રીમતી આંકાક્ષા માધવ મૂશળે દ્વારા મંગળમય દીપનું પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અને

- (વધુ પાના નં.૨ પર)






## સુવિચાર - સદ્‌વિચાર

વિદ્યા નિર્ધનનું ધન છે અને બુદ્ધિ સંકટના સમયે કામ આવે છે.

## કવિતા

### શંખનાદ સંભળાયે ભૈયા...

શંખનાદ સંભળાયે ભૈયા, શૂર પુરુષને તેડું હો,
શું એ કહે, સાધુ દેહ છોડે? શું એ કહે, દેવ જાગે હો?
કારી કારમો ઉગ્ર ઊછળતો, રણનો મુજને લાગે હો. શંખ...
એ બોલે-શું બેસી રહ્યા છો? શત્રુએ કોટ પડ્યો હો,
દેશભૂમિ કરી લોહીલોહિયાળી, પુત્ર તણો ઘાણ કાઢ્યો હો. શંખ...
રક્ષણ કરવા ધાઈ વળો સહુ, હજી રહી છે આશા હો,
સ્નેહ, શૌર્ય ને જુદ્ધકળાથી પડશે સવળા પાસા હો. શંખ...
રણમાં મૂઆ તોયે રૂડું, દાસપણાથી છૂટશું હો,
ગત પ્રાણીને બંધનનું નથી ભય કો રીતનું કશું હો. શંખ...
દેશજનની સ્વતંત્રતાને અર્થે વીર ઝૂઝી મરશો હો,
રાહદારી કહે, પ્રભુ સંધાની જયસુખ આશા પૂરશે હો. શંખ...
હા ભૈયા, હું તો આ ચાલ્યો, શંખનાદ હજુ થાયે હો,
નર્મદ કહે, બીજા વીરો પણ કેસરિયાં કરી જાયે હો. શંખ...

- નર્મદ

## આજની જોક

એકવાર બંતા છાશને ફૂંકી ફૂંકીને પી રહ્યો હતો, એટલામાં સંતાએ આવીને કહ્યુ - અરે, તુ છાશને કેમ ફૂંકીને પીવે છે.
બંતા બોલ્યો - અરે, તે સાંભળ્યુ નથી કે દૂધના દાઝેલા છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે છે ?
સંતા બોલ્યો - પણ હવે તો જમાનો બદલાઈ ગયો છે. હવે લોકો છાશમાં બરફ નાંખીને પીવે છે.

## કબીર વાણી




**બડે બડાઈ ન કરે, બડા ન બોલે બોલ,**
**હિરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.**

**-અર્થાત-**

હિરો અમૂલ્ય હોવા છત, પોતાની કિંમત લાખ રૂપિય છે એવું મોઢેથી બોલતો નથી. તેમ(જ્ઞાની) પુરુષો પોતાની મોટાઈન ડીંગ મોઢેથી કદી મારતા નથી અને પોતા માટે જરાએ અભિમાન ધરાવતા નથી.

## ચાણક્ય ઉવાચ



**અનભ્યાસે વિષં વિદ્યા, અજીર્ણ ભોજમ વિષમ્**
**વિષં સભા દ્રરિદ્રસ્ય, વૃદ્ધસ્ય તરૂણી વિષમ્**

**-અર્થાત-**

અભ્યાસ નહી કરતા વિદ્યા વિષ સમાન છે, પેટ ખરાબ હોવું અથવા ભોજન પચતા પહેલા ખાધેલું ભોજન વિષ સમાન છે, ગરીબ વ્યક્તિનું સભા જવાનું વિષ સમાન છે, વૃદ્ધ વ્યક્તિ માટે યુવાન પત્ની વિષ સમાન છે.

## આજનો દિન વિશેષ

### એન. એમ. આર. સુબ્બારમન

એન.એમ.આર.સુબ્બારમન (૧૪ ઓગસ્ટ ૧૯૦૫ - ૨૫ જાન્યુઆરી ૧૯૮૩) તમિલનાડુના એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને રાજકારણી હતા. તેઓ મદુરાઈ મતવિસ્તાર (૧૯૬૨-૧૯૬૭) ના સંસદ સભ્ય હતા. તેમના ગાંધીવાદી સિદ્ધાંતો માટે તેમને મદુરાઈ ગાંધી પણ કહેવામાં આવતા હતા.

સુબ્બારમનનો જન્મ ૧૪ ઓગસ્ટ ૧૯૦૫ના રોજ બ્રિટિશ ભારતના મદ્રાસ પ્રેસિડેન્સીના મદુરાઈમાં નાતમાઈ મલ્લી રાયલુ ઐયર અને કાવેરી અમ્મલના એક શ્રીમંત સૌરાષ્ટ્ર પરિવારમાં થયો હતો. તેમણે મદુરાઈની સૌરાષ્ટ્ર હાઇ સ્કૂલ અને શાંતિનિકેતનની વિશ્વ-ભારતી યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયા અને નાની ઉંમરે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધો. સ્વતંત્રતા ચળવળ દરમિયાન તેમની પત્ની પર્વતવર્ધનીની સાથે તેમને પાંચ વર્ષ જેલમાં રાખવામાં આવ્યા હતા. મહાત્મા ગાંધી મદુરાઈની મુલાકાત દરમિયાન તેમના બંગલામાં રહ્યા હતા. ભારતીય સમાજમાંથી અસ્પૃશ્યતા દૂર કરવા માટે ગાંધીજી દ્વારા સ્થાપિત સંગઠન, હરિજન સેવક સંઘના સભ્ય તરીકે, તેમણે દલિત વર્ગોના ઉન્નતિ માટે કામ કર્યું. તેમણે એ. વૈદ્યનાથ ઐયર સાથે મળીને મંદિર પ્રવેશ પરિષદનું આયોજન કર્યું અને દલિત વર્ગના લોકોને મીનાક્ષી અમ્માન મંદિરમાં પ્રવેશ આપવામાં મદદ કરી. તેઓ ભૂદાન ચળવળમાં સામેલ હતા અને તેમની ૧૦૦ એકર જમીન આંદોલનને દાનમાં આપી હતી. તેમણે મદુરાઈમાં પ્રથમ ગાંધી સ્મારક સંગ્રહાલયની સ્થાપનામાં ફાળો આપ્યો. તેમણે ૧૯૩૭ અને ૧૯૪૬ની ચૂંટણીઓ જીતી અને મદ્રાસ પ્રેસિડેન્સીમાં રાજ્યના ધારાસભ્ય તરીકે સેવા આપી. ૧૯૬૨ની લોકસભા ચૂંટણીમાં તેઓ મદુરાઈથી સંસદ સભ્ય તરીકે ચૂંટાયા. તેમનું ૨૫ જાન્યુઆરી ૧૯૮૩ના રોજ મદુરાઈમાં અવસાન થયું. ૨૦૦૫માં, તેમના ૧૦૦મા જન્મદિવસની ઉજવણી માટે, ભારત સરકારે તેમની છબી સાથે એક સ્ટેમ્પ બહાર પાડ્યો. ૨૦૦૭માં, એક મહિલા કોલેજનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું.

## પ્રવાસ : શિલોંગ મેઘાલય

ભારતના મેઘાલયની રાજધાની, એક હિલ સ્ટેશન અને પૂર્વ ખાસી હિલ્સ જિલ્લાનું મુખ્ય મથક છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, તે ભારતનું ૩૩૦મું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર છે, જેની વસ્તી ૧૪૩,૨૨૯ છે. એવું કહેવાય છે કે શહેરની આસપાસની ઢાળવાળી ટેકરીઓ બ્રિટિશ લોકોને સ્કોટલેન્ડની યાદ અપાવે છે. તેથી, તેઓ તેને 'પૂર્વનું સ્કોટલેન્ડ' તરીકે ઓળખાવશે.

**પ્રકૃતિ અને લેન્ડસ્કેપ્સ :** રોલિંગ હિલ્સ અને તળાવો શહેરના કેન્દ્રમાં મનોહર વોર્ડ્સ તળાવ અને શહેરની બહાર વિશાળ, જળાશયથી ભરપૂર ઉમિયામ તળાવનું ઘર.

**જાજેસ્ટીક ધોધ:** એલિફન્ટ ફોલ્સ અને સ્વીટ ફોલ્સ જેવા લોકપ્રિય કાસ્કેડ દર્શાવે છે. મનોહર દૃશ્યો શિલોંગ પીક સમગ્ર પ્રદેશનું ૩૬૦-ડિગ્રી દૃશ્ય પ્રદાન કરે છે, જ્યારે નજીકના લેટ્લમ કેન્યોન્સ નાટકીય કોતર દૃશ્યો પ્રદાન કરે છે.

**સંસ્કૃતિ અને સંગીત :** ભારતની રોક રાજધાની સ્થાનિક ગિગ સંસ્કૃતિ અને મુખ્ય ઉત્સવના મૂળ સાથે રોક, બ્લૂઝ અને પશ્ચિમી સંગીત માટે તેના ઊંડા બેઠેલા જુસ્સા માટે પ્રખ્યાત.

**સ્વદેશી વારસો:** ખાસી, જયંતિયા અને ગારો જાતિઓના સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે સેવા આપે છે, જે સાત માળના ડોન બોસ્કો મ્યુઝિયમમાં મુખ્ય રીતે પ્રદર્શિત થાય છે.

**અતુલ્ય ભારત:** વસાહતી વારસો બ્રિટિશ યુગના સ્થાપત્ય, ચર્ચો અને જૂના વિશ્વના આકર્ષણને જાળવી રાખે છે.

# દેશભક્તિના રંગમાં રંગાયું નવસારી : 'ભવ્ય તિરંગા યાત્રામાં જોવા મળ્યો નવસારીવાસીઓનો થનગનાટ અને અભૂતપૂર્વ ઉત્સાહ

## નવસારી શહેરમાં ફુવારા સર્કલથી સર્કીટ હાઉસ સુધી તિરંગો લહેરાયો: આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ફુવારા સર્કલથી વરસતા વરસાદમાં 'તિરંગા યાત્રા યોજાઈ'

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્‌વાનથી 'હર ઘર તિરંગા' અભિયાન આજે દેશવ્યાપી જનઆંદોલન બન્યું છે :આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૧૩**

દેશવાસીઓના હૃદયમાં વંદે માતરમની ભાવનાને સમર્પિત કરવા પ્રખર રાષ્ટ્ર ભક્તિનું નિર્માણ થાય અને દેશવાસીઓ પોતાના કર્તવ્ય અને નિષ્ઠા પ્રત્યે વધુ સભાન બને તે હેતુથી નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને નવસારી મહા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે નવસારી શહેરના ફુવારા સર્કલથી સર્કીટ હાઉસ સુધી ભવ્ય 'તિરંગા યાત્રા' યોજાઈ હતી.

વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસર તથા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે દેશની સરહદો પર કપરા સંજોગોમાં દેશની સુરક્ષા માટે તત્પર રહેતા વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને રાષ્ટ્રપ્રેમ ઉજાગર કરવા 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા યોજાઈ હતી.

તિરંગા યાત્રામાં આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર ઉદ્યોગ વિભાગના મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, મેયરશ્રી અશોકભાઈ ધોરાજીયા, કલેક્ટર શ્રી મનીષ ગુરવાની, મ્યુ.કમિશનરશ્રી જયેશ ઉપાધ્યાય, વાંસદા પ્રાયોજના વહીવટદારશ્રી સ્વપ્રીલ સિસેલ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાહુલ પટેલ તેમજ અન્ય અધિકારીઓ અને પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા.

નવસારીની તિરંગા યાત્રામાં ૨ કિલોમીટર સુધી કોલેજોના યુવાનો, એન.એસ.એસની ટીમ, એન.સી.સી. કેડેટ્સ, ટ્રાફિક પોલીસ, હોમગાર્ડના જવાનો, મહિલાઓ અને વડીલો હાથમાં તિરંગો લઈને જોડાયા હતા.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્‌વાનથી 'હર ઘર તિરંગા' અભિયાન આજે દેશવ્યાપી જનઆંદોલન બન્યું છે. ગરમી હોય કે ધોધમાર વરસાદ, કડકડતી ઠંડી હોય કે કપરા સંજોગો, આપણા વીર જવાનો દેશની સુરક્ષા માટે અડીખમ ઊભા રહે છે, ત્યારે આવા વીર જવાનો અને તેમના પરિવારજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ દરેક નાગરિકની પ્રાથમિક ફરજ છે.

તિરંગાની પવિત્રતા અને ગૌરવ જાળવવા અંગે અનુરોધ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું, તિરંગો હંમેશાં ઊંચો જ લહેરાવવો જોઈએ. ઉત્સાહમાં કે અજાણતાં પણ તિરંગો રસ્તા પર ન પડે તેની સૌએ ખાસ કાળજી રાખવાની હિમાયત કરી હતી.

જિલ્લા વહીવટી તંત્ર અને નવસારી મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ ભવ્ય તિરંગા યાત્રા ફુવારા સર્કલથી પ્રસ્થાન થઈને ગોલવાડ ચોક, લક્ષ્મણ હોલ સર્કલ ટાવર, સયાજી વૈભવ લાઈબ્રેરી રોડ, જુનાથાણા સર્કલ અને લુન્સીકુઈ સર્કલ જેવા શહેરના પ્રમુખ માર્ગો પરથી પસાર થઈને સર્કિટ હાઉસ સર્કલ ખાતે ભવ્ય રીતે સંપન્ન થઈ હતી. સમગ્ર રૂટને તિરંગાના રંગો અને દેશભક્તિના ગીતોથી ગુંજતો કરવામાં આવ્યો હતો.આ ભવ્ય તિરંગા યાત્રામાં નવસારી મહાનગરપાલિકાના મેયર શ્રી અશોકભાઈ ધોરાજીયા, નવસારી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિરાલીબેન નાયક, નવસારીના ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ સહિત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, પોલીસ જવાનો, હોમગાર્ડ, વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ, રમતવીરો તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને વિશાળ સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા.

## જન-જનનો એક જ નારો, દેશપ્રેમ છે સૌથી પ્યારો, કેડેટ્સ અને યુવાનો સંગ ઝૂમ્યો નવસારીનો કિનારો!

### તિરંગા યાત્રામાં પારંપરિક પોષક અને વાદ્યો અને નાચ-ગાન સાથે સૌ આઝાદીના ઉમંગમાં જોડાયા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૧૩**

નવસારી શહેરમાં યોજાયેલી તિરંગા યાત્રામાં સમગ્ર રૂટમાં તેમજ સર્કિટ હાઉસ સર્કલ પર ગીતો, ગરબાની રંગત, આદિવાસી નૃત્ય, ડાંગી નૃત્ય, ઘેરૈયાઓના નાચ-ગાન તેમજ રનીંગ ઓરકેસ્ટ્રા બેન્ડ અને ડી.જેના તાલથી વાતાવરણ ઉત્સાહમય બન્યું હતું.



નવસારી જિલ્લાના આદિવાસી પારંપરિક પહેરવેશ પહેરી, મોર પિચ્છધારી વસ્ત્રો અને પાઘડી-ધોતી તેમજ બાળાઓ ચણીયાચોલીમાં અને હાથમાં ભારતીય ધ્વજથી સમગ્ર વિસ્તાર પચરંગી અને મનમોહક બન્યો હતો. સ્થાનિક મહિલાઓના જુથોએ ધૂન, ગરબા અને ભજનથી પોતાનો ભક્તિમય સુર પુરાવ્યો હતો. વરસતા વરસાદમાં મંત્રીશ્રી, કલેકટરશ્રી અને પોલીસ અધિક્ષક સહિત શહેરીજનોએ તિરંગા યાત્રામાં જોડાયા હતા. તમામ વિદ્યાર્થીઓ, હોમગાર્ડના જવાનો, સ્વયંસેવકો તેમજ કલાકારોને સર્કીટ હાઉસ ખાતે તિરંગા યાત્રાનું સમાપન થયું

# 'હર ઘર તિરંગા અભિયાન' અભિયાન હેઠળ સેલવાસમાં ભવ્ય 'તિરંગા રેલી' યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૩**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, 'હર ઘર તિરંગા' અભિયાનના ભાગ રૂપે, ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સેલવાસમાં એક ભવ્ય જાહેર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા રેલીમાં સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ, સામાજિક સંગઠનો અને વહીવટી અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રેલી કલેક્ટર ઓફિસથી આઈ.ટી.આઈ. સુધી કાઢવામાં આવી હતી.

દાદરા નગર હવેલીના કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોરે આકાશમાં ત્રિરંગો ફુગ્ગા છોડીને રેલીને લીલી ઝંડી આપી હતી. આ કાર્યક્રમનો હેતુ નાગરિકોમાં દેશભક્તિની ભાવના જાગૃત કરવાનો અને સ્વતંત્રતા દિવસ પર દરેક ઘરમાં ત્રિરંગો લહેરાવવાના સંકલ્પને મજબૂત કરવાનો હતો. આ રેલીમાં દાદરા નગર હવેલીના ડેપ્યુટી કલેક્ટર, જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી, સેલવાસ નગરપાલિકાના પ્રમુખ, ઉપ પ્રમુખ, કાઉન્સિલરો, સરપંચો અને અન્ય નાગરિકો, સહિત સેલવાસા નગરપાલિકાના ચીફ ઓફિસર તથા અન્ય અધિકારીઓ જોડાયા હતા. તમામ સહભાગીઓએ હાથમાં ત્રિરંગો લઈને દેશભક્તિના નારા લગાવીને સમગ્ર માર્ગને દેશભક્તિના રંગોમાં રંગી દીધો હતો.

કાર્યક્રમ દરમિયાન, અધિકારીઓએ 'હર ઘર તિરંગા' અભિયાનના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો અને નાગરિકોને ૧૫ ઓગસ્ટના રોજ તેમના ઘરે ત્રિરંગો લહેરાવીને આ રાષ્ટ્રીય તહેવારનું સન્માન કરવાની અપીલ કરી હતી. રેલી દરમિયાન, સાંસ્કૃતિક પ્રદર્શન, દેશભક્તિના ગીતો અને ત્રિરંગો ધ્વજ લઈને બાળકો દ્વારા આયોજીત પરેડે બધાને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

## નવસારીમાં તા.૧૩ ઓગ.થી ૨૭ ઓગ., ૨૦૨૬ દરમિયાન તાલુકાવાર એસેસમેન્ટ કેમ્પ યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૧૩**

કેમ્પનો સમય સવારે ૯:૩૦થી સાંજે ૫:૦૦ કલાક સુધીનો રહેશે. કેમ્પ સ્થળ અને તારીખ તા.૧૪ ઓગસ્ટે અટલજી કામ્યુનિટી હોલ, નગરપાલિકા કચેરી, ગણદેવી; તા.૧૭ ઓગસ્ટે કુમાર શાળા, વાંસદા અને તા.૧૮ ઓગસ્ટે વાંસદા ગ્રામ પંચાયત; તા.૧૯ ઓગસ્ટે પી.એમ.શ્રી કુમાર શાળા, ખેરગામ; તા.૨૦ અને ૨૧ ઓગસ્ટે દિનકર ભવન હોલ, મજીગામ, ચીખલી; તા.૨૨ ઓગસ્ટે મહુવર કોળી પટેલ સમાજની વાડી, જલાલપોર; તા.૨૩ ઓગસ્ટે મંદિર ગ્રામ પંચાયત હોલ, જલાલપોર; તા.૨૪ ઓગસ્ટે દામોધેશ્વર કોમ્યુનિટી હોલ, પિનસાડ;તા.૨૫ ઓગસ્ટે કોળી પટેલ સમાજની વાડી, ખડસુપા બોંડિંગ, અષ્ટગામ, નવસારી તથા તા.૨૬ અને ૨૭ ઓગસ્ટે નવસારી મહાનગરપાલિકાના ટાઉન હોલ ખાતે કેમ્પ યોજાશે.

## શ્રાવણ મહિનામાં શિવ આરાધના



પળમાં પ્રગટ થતો તું ભોળાનાથ છો

જન્મોજન્મનો એક જ તું સાથ છો
પળમાં પ્રગટ થતો તું ભોળાનાથ છો

બ્રહ્માડનાં જીવોમાં ચૈતન્ય છો તું જ
સ્મશાનમાં બિરાજતી ચિદાનંદ લાશ છો

દૈહિક, દૈવિક, આધ્યાત્મિક સિદ્ધિ વરસાવતો
દરેક જીવનો સનાતની શિવ સંગાથ છો

તું, તારો પરિવાર ને તારું સર્વસ્વ પૂજાય
તું નિર્વિકલ્પ તું નિર્વિકાર તું નિરાકાર છો

ઉમા, ગણેશ, લાભ, શુભ, રિદ્ધિ, સિદ્ધિ સૌ તું
તું અજન્મા ને અમર તું મહાકાલ છો

જન્મ, મરણનાં બંધનોથી તું મુક્ત કરતો
કુબેરી ખજાનો ભભૂતનો તું પ્રસાદ છો

કાળ, ભય અને રોગને પળમાં હટાવતો
ઉર્જા ભંડાર 'બમ બમ ભોલે'નો નાદ છો

કમી, કમજોરી અને વિઘ્નોનો નાશ કરતો
દેવોનો દેવ મહાદેવ મૃત્યુંજયી વૈધનાથ છો

ગંગાધર સ્વરૂપે પવિત્રતા વહેંચતો અને
હળાહળ એકલો પી જતો તું પુરુષાર્થ છો

હૈયાંનાં બીલીપત્રથી દૂધ, જળ પધરાવું તને
તું શંખ, ડમરું, રુદ્રાક્ષનો મહા શિવરાત્ર છો

- મિત્તલ ખેતાણી

(પહેલાં પાનાનું ચાલુ)

**દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ...**

સંવાદ દરમિયાન બંને દેશો વચ્ચે સંસદીય સહયોગ, લોકતાંત્રિક મૂલ્યો, આપસી વિશ્વાસ અને દ્વિપક્ષીય સંબંધોને ઔર વધુ સુદૃઢ બનાવવા વિચારણા કરવામાં આવી હતી.

આ ઉચ્ચ સ્તરીય સંસદીય કાર્યક્રમ દરમિયાન સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલને ગોલ્ડન બુકમાં રાજકીય પ્રતિનિધિઓ દ્વારા કરાતા હસ્તાક્ષરના સાક્ષી બનવાનો મહત્ત્વપૂર્ણ અવસર તથા કેન્યાઈ સંસદીય પ્રતિનિધિ મંડળના સન્માનમાં આયોજીત ઔપચારિક ભોજનના કાર્યક્રમમાં સામેલ થવાની તક પણ મળી હતી. અત્રે યાદ રહે કે, સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના સંસદીય ઈતિહાસમાં સાંસદ તરીકે ભારત સરકારના વિદેશી અતિથિઓના સત્કારના નેતૃત્વની તક મળી હોય એવી આ પ્રથમ ઘટના છે અને સાંસદ તરીકે શ્રી ઉમેશભાઈ પટેલને મળેલી આ સિદ્ધિ પ્રદેશના સંસદીય ઈતિહાસમાં ચિરંજીવ યાદગાર રહેશે.

(પહેલાં પાનાનું ચાલુ)

**પિતૃઓના આત્માની શાંતિ...**

ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકર અને તેમના પરિવાર દ્વારા પોથી તથા વ્યાસપૂજન કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં વિશ્વ પ્રસિદ્ધ કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લના દિશા-નિર્દેશ હેઠળ પ્રથમ દિવસના ભાગવતનો દશાંશ યજ્ઞ સંપન્ન કરાયો હતો.

ઉમરગામ તાલુકાના હજારો ભાવિક ભક્તો બેન્ડવાજા, તૂર અને શરણાઈના સૂરે પોથીયાત્રામાં જોડાયા હતા. કથાનું મંગળાચરણ કરાવતા ભાગવતાચાર્ય શ્રી પ્રફુલભાઈ શુક્લએ જણાવ્યું હતું કે, ભાગવતની કથા મુક્તિ પ્રદાયીની કથા છે. પિતૃઓના આત્માની શાંતિ માટે ભાગવત સર્વોત્તમ છે.

કથાનો સમય દરરોજ બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦નો રાખવામાં આવ્યો છે. કથાના વિરામ બાદ દરરોજ હજારો ભાવિક ભક્તો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

કથાને સફળ બનાવવા માટે જાંબુ બ્રાહ્મણ સમાજના અગ્રણી શ્રી અક્ષયભાઈ ઓઝા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સંતોષભાઈ, શ્રી કરસનભાઈ ભરવાડ, સરપંચ સંઘના પ્રમુખ શ્રી રાકેશભાઈ વઘાત, શ્રી રામદાસ વરઠા, પલસાણાના સરપંચ શ્રી મુન્નાભાઈ પટેલ સહિતના ભાવિક ભક્તો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

તમામને કથા શ્રવણ કરવા ઉપસ્થિત રહેવા માટે ભાવભર્યું નિમંત્રણ પણ પાઠવવામાં આવ્યું છે.

# ધરમપુર નગરમાં યોજાયેલી ૩ કિ.મી. લાંબી ભવ્ય તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

ધરમપુરમાં તિરંગાની શાન અને ભારત માતાના જયઘોષ સાથે ત્રણ દરવાજાથી નીકળેલી ૩ કિ.મી. લાંબી તિરંગા યાત્રામાં દેશપ્રેમ, એકતા અને રાષ્ટ્રગૌરવનો સંદેશ ગુંજી ઉઠ્યો હતો. આ યાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ હાથીખાના ખાતે પૂર્ણાહુતિ થઈ હતી.

આ તિરંગા યાત્રામાં ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખશ્રી મયંકભાઈ મોદી, નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યશ્રીઓ, જિલ્લા સંગઠન અધ્યક્ષશ્રી હેમંતભાઈ કંસારા, ધરમપુર શહેર સંગઠન અધ્યક્ષશ્રી અમિત ચોરેરા તથા મોટી સંખ્યામાં નગરજનો અને વિવિધ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# વાપીના જાણીતા ટ્રાન્સજેન્ડર સમાજસેવિકા પાયલબેને જન્મદિવસની ઉજવણી દિવ્યાંગો સાથે કરી






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૩**

દિવ્યાંગ બાળકો સાથે જન્મદિવસ ઉજવી ટ્રાન્સજેન્ડર પાયલ માસીએ માનવતા અને સેવાનો અનોખો સંદેશ આપ્યો હતો. વાપીમાં માનવતાનું સુંદર ઉદાહરણ પાયલ માસી અને સમાજસેવક દીપક સિંહે દિવ્યાંગ બાળકો વચ્ચે ખુશીઓ વહેંચી હતી.

આજના સમયમાં મોટા ભાગના લોકો પોતાનો જન્મદિવસ હોટેલ, પાર્ટી કે મનોરંજન વચ્ચે ઉજવવાનું પસંદ કરે છે. પરંતુ વાપીની જાણીતી ટ્રાન્સજેન્ડર સમાજસેવિકા પાયલ માસીએ પોતાનો જન્મદિવસ એક અનોખી અને પ્રેરણાદાયી રીતે ઉજવી સમાજને નવી દિશા બતાવી છે. તેમણે પારડી (વલસાડ)ના દેગામ સ્થિત મનોવિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ ખાતે પહોંચી બૌદ્ધિક રીતે દિવ્યાંગ બાળકો અને વયસ્કો સાથે પોતાનો જન્મદિવસ ઉજવ્યો અને તેમના ચહેરા પર ખુશીની સ્મિત લાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ પ્રસંગે સમાજસેવક દીપક સિંહ પણ હાજર રહ્યા. તેમના દ્વારા બાળકોને ડ્રોઈંગ કિટ, નોટબુક તેમજ અન્ય શૈક્ષણિક સામગ્રી ભેટ આપવામાં આવી હતી. બાળકો પણ ખૂબ ઉત્સાહ સાથે મહેમાનોનું સ્વાગત કરી આ ખાસ દિવસને યાદગાર બનાવી દીધો હતો.

લગભગ પાંચ બાળકો સાથે શરૂ થયેલી મનોવિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ સંસ્થા આજે ૧૫૦થી વધુ બૌદ્ધિક રીતે દિવ્યાંગ બાળકો અને વયસ્કોને વિશેષ શિક્ષણ, સારવાર અને પુનર્વસન જેવી સેવાઓ પૂરી પાડી રહી છે. સંસ્થા આવા બાળકોને આત્મનિર્ભર બનાવી સમાજની મુખ્ય પ્રવાહ સાથે જોડવાનું પ્રશંસનીય કાર્ય કરી રહી છે.

આ અવસરે પાયલ માસીએ જણાવ્યું કે, સમાજના પ્રેમ, આશીર્વાદ અને વિશ્વાસના કારણે જ તેમને ઓળખ અને સન્માન મળ્યું છે. તેથી સમાજ પ્રત્યે સેવા કરવી પોતાનું નૈતિક કર્તવ્ય છે. તેમણે લોકોને અપીલ કરી કે કોઈપણ ટ્રાન્સજેન્ડરને માત્ર તેની ઓળખના આધારે ન આંકો. ટ્રાન્સજેન્ડર સમાજમાં પણ સેવા, સંવેદના અને માનવતાની ભાવના સમાન રીતે વસે છે અને તક મળે તો તેઓ પણ સમાજ માટે હંમેશા યોગદાન આપવા તૈયાર રહે છે.

સમાજસેવક દીપક સિંહે જણાવ્યું કે, સમાજમાં જે લોકો સક્ષમ છે તેઓએ જરૂરિયાતમંદોની મદદ માટે આગળ આવવું જોઈએ. જો દરેક વ્યક્તિ પોતાના જન્મદિવસ, લગ્નવાર્ષિકી અથવા અન્ય ખુશીના પ્રસંગે જરૂરિયાતમંદો સાથે ખુશીઓ વહેંચવાનો સંકલ્પ કરે તો સમાજમાં કોઈપણ વ્યક્તિ પોતાને એકલો કે ઉપેક્ષિત અનુભવશે નહીં. સાચી ખુશી સેવા અને પરોપકારમાં જ રહેલી છે.

કાર્યક્રમના અંતે સંસ્થાના સંચાલકોએ પણ સમાજને અપીલ કરી કે જો કોઈ વ્યક્તિ પોતાનો જન્મદિવસ, વર્ષગાંઠ અથવા અન્ય વિશેષ પ્રસંગ દિવ્યાંગ બાળકો સાથે ઉજવવા ઈચ્છે તો સંસ્થા તેનું હાર્દિક સ્વાગત કરશે. આવા નાના પ્રયાસો બાળકોના જીવનમાં નવી આશા, આત્મવિશ્વાસ અને આનંદનું સંચાર કરે છે.

આ સમગ્ર કાર્યક્રમ માત્ર જન્મદિવસની ઉજવણી નહોતો, પરંતુ માનવતા, સેવા, સમાનતા અને સામાજિક જવાબદારીનો પ્રેરણાદાયી સંદેશ બની રહ્યો છે.

# ચણોદ કોલોનીમાં 'જય અંબે મહિલા મંડળ' દ્વારા દિવ્ય હિંડોળા ઉત્સવઃ ચલણી નોટો-સિક્કાનો હિંડોળો બન્યો આકર્ષણનું કેન્દ્ર





**તસવીર-અહેવાલઃ સંજય તાડા**
**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૩**

ચણોદ કોલોની સ્થિત 'જય અંબે મહિલા મંડળ' દ્વારા છેલ્લા ૨૨ વર્ષની અવિરત પરંપરાને જાળવી રાખીને આ વર્ષે પણ શ્રી ઠાકોરજીના હિંડોળા ઉત્સવની ભવ્ય અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. મંડળ દ્વારા દરરોજ અવનવી અને અનોખી ચીજવસ્તુઓથી ઠાકોરજીના હિંડોળાને સજાવવામાં આવે છે. આ શ્રેણીમાં આ વર્ષે ભારતીય ચલણી નોટો તેમજ વિવિધ સિક્કાઓથી તૈયાર કરાયેલો વિશેષ હિંડોળો અબાલ-વૃદ્ધ સૌ ભક્તો માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.



વૈષ્ણવ સંપ્રદાય અને પુષ્ટિમાર્ગમાં અષાઢ સુદ અગિયારસ (દેવશયની એકાદશી) થી શ્રાવણ સુદ પૂનમ (રક્ષાબંધન) સુધીના એક માસ દરમિયાન હિંડોળા ઉત્સવ ઉજવવાની પ્રાચીન પરંપરા છે. આ ઉત્સવની શરૂઆત દ્વાપરયુગથી થઈ હોવાનું મનાય છે. ગ્રીષ્મ અને વર્ષાઋતુના તાપ-ઉકળાટથી ભગવાન શ્રીકૃષ્ણને શીતળતા અને શાતા આપવા માટે વ્રજભક્તો અને ગોપીઓ દ્વારા તેમને અવનવા પુષ્પો અને વેલોના ઝૂલામાં ઝુલાવવામાં આવતા હતા. હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવાથી પ્રભુ અને જીવ વચ્ચેના પ્રેમનું સાતત્ય જળવાય છે અને ભક્તના હૃદયમાં ભક્તિરસનો સંચાર થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણનું અક્ષય જીવન પ્રેમ, કરુણા, ધર્મ અને ગોપીઓ સાથેના અનન્ય સમર્પણનું પ્રતીક છે. તેમની ગોકુળની બાલલીલાઓ, ગોવર્ધન પર્વત ધારણ કરવો અને રાસલીલાથી લઈને અધર્મનો નાશ કરવા સુધીનું સમગ્ર જીવન માનવજાતને સત્ય, ભક્તિ અને કર્મનો અમૂલ્ય સંદેશ આપે છે. શ્રી ઠાકોરજીની બાળસ્વરૂપે ભાવપૂર્વક સેવા કરવાથી ઘરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનો વાસ થાય છે, તેવી દ્રઢ શ્રદ્ધા સાથે ચણોદ કોલોનીમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું છે.

આ ધાર્મિક મનોરથને સફળ બનાવવા માટે મંડળના અગ્રણી કાર્યકર્તા બહેનો મધુબેન, પારૂલબેન, વિજયાબેન, વસંતબેન, વર્ષાબેન, રેખાબેન, અસ્મિતાબેન, રીનાબેન, સંગીતાબેન, કંચનબેન અને મીનાબેન સહિત અનેક મહિલાઓ ભારે ઉત્સાહ અને અથાક સેવાભાવથી માર્ગદર્શન તથા સેવા પૂરી પાડી રહી છે. દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ શ્રી ઠાકોરજીના દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી રહ્યા છે.

# વાપી અગ્રવાલ સેવા સમિતિ દ્વારા શ્રૃંગાર પ્રદર્શનનું આયોજન : એક કદમ મહિલા સશક્તિકરણ તરફ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૩**

વાપી અગ્રવાલ સેવા સમિતિ દ્વારા હોટલ ગેલેક્ષી ડોફોડિલ હોલમાં ભવ્ય શ્રુંગાર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહિલાઓએ વિવિધ શ્રુંગાર શ્રેણીનું પ્રદર્શન રજૂ કરી એક કદમ મહિલા સશક્તિકરણ તરફ ભર્યું હતું.

આજે મહિલાઓ શિક્ષિત બની સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહી છે. હવે ફક્ત નોકરી નહી પણ ઉદ્યોગ-વેપાર ક્ષેત્રમાં પણ સક્રિય ભાગીદારી નિભાવવા આગળ આવવાની જરૂરીયાત છે. અગ્રવાલ મહિલા સમિતિએ આજે શ્રુંગાર પ્રધર્શન દ્વારા હુન્નરમંદ મહિલાઓને આગળ લાવવાનો પ્રયાસ પ્રશંસનીય છે. ગુરૂવારે



હોટલ ગેલેક્ષીમાં આયોજીત શ્રુંગાર પ્રદર્શનનું ઉદ્દઘાટન મુખ્ય અતિથિ તરીકે પધારેલા ડો.આશા દિક્ષિત સુરતે કર્યું હતું. વિશિષ્ટ અતિથિ તરીકે પધારેલ કવિયત્રી સોનલ અગ્રવાલે ઉપરોક્ત ઉદગાર વ્યક્ત કર્યો હતો. મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે સંસ્થા કટીબધ્ધ છે. આ પ્રસંગે અગ્રવાલ સેવા સમિતિના અધ્યક્ષ દેવેન્દ્ર ઝુનઝુનવાલા, વરિષ્ઠ ટ્રસ્ટી બલવંત, સંપત બેડીયા, યદુનંદન જાલુકાને પણ સન્માનિત કરાયા હતા. પ્રદર્શનમાં વસ્ત્રો, આભુષણ, સૌંદર્ય પ્રસાધનના વ્યવસાયમાં જોડેલી મહિલાઓએ પોતાના સ્ટોલ લગાવ્યા હતા. તેમજ તેમને અવસર પુરો પાડવા અંગે આભાર વ્યક્ત કર્યો હતો. કવિયત્રી સોનલ અગ્રવાલે પોતાની કવિતાઓથી મહિલાને પ્રોત્સાહિત કરી હતી. સંગીતા અગ્રવાલે તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વાપી આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજમાં "એન્ટી રેગિંગ વીક"ની કરાયેલી ઉજવણી




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૩**

આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજ અંતર્ગત આવેલી આર.કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ સાયન્સિસ તથા આર.કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સ, વાપી દ્વારા "એન્ટી-રેગિંગ વીક"ની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓમાં રેગિંગ વિરોધી જાગૃતિ લાવવા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંતર્ગત બીસીએ વિભાગ દ્વારા "If you see ragging, what will you do?" થીમ પર રીત મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની સર્જનાત્મકતા અને અભિનય દ્વારા રેગિંગ વિરોધી સંદેશ રજૂ કર્યો હતો.

તે ઉપરાંત આર.કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સ દ્વારા "Understanding Boundaries - An Interactive Anti-Ragging Awareness Quiz"નું આયોજન કરવામાં આવ્યું હતું. ક્વિઝમાં વિદ્યાર્થીઓએ રેગિંગ સંબંધિત નિયમો, જવાબદારી અને સુરક્ષિત કેમ્પસ અંગે જાગૃતિ મેળવી હતી. ક્વિઝમાં સંજીવ યાદવ, ચિંતન પટેલ, આયશા પંચાલ અને શ્રેયા સિંહે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રેગિંગ સામે જાગૃતિ, જવાબદારી અને હિંમત કેળવવાનો હતો તથા રેગિંગ સામે મૌન ન રહેવા માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવાનો હતો.

આ કાર્યક્રમનું આયોજન શ્રીમતી નેહા પટેલ, શ્રીમતી તૃષા દેસાઈ તથા શ્રી અભિષેક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજના ચેરમેન શ્રી મિલન દેસાઈ, કેમ્પસ ડિરેક્ટર ડો.મિત્તલ શાહ તથા આર.કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સના I/C પ્રિન્સિપાલ શ્રીમતી સુરભી ચૌધરી દ્વારા આયોજકો અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ધરમપુરના સરકારી તાલુકા પુસ્તકાલયમાં યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

ગુજરાત રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ગ્રંથાલય ખાતા, ગુજરાત રાજ્ય અને ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજની યુવા પેઢી વર્તમાન સમયમાં પુસ્તકાલયમાં વાંચન કરી સારા નાગરિકો બને અને દેશના વિકાસ કાર્યોમાં જોડાય એ માટે 'યુવા સંવાદ'નો કાર્યક્રમ ગ્રંથાલય ખાતા ગુજરાત રાજ્યના નિયામક શ્રી ડો.પંકજપુરી ગૌસ્વામીના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વિવિધ સરકારી લાઈબ્રેરીમાં 'યુવા સંવાદ કાર્યક્રમ' યોજાય રહ્યા છે. જે પૈકી સરકારી તાલુકા પુસ્તકાલય ધરમપુરમાં યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરથી પસંદગી પામેલા ડો.ભાવેશભાઈ વાળા



(પ્રોફેસર, સરકારી કોલેજ,દમણ) તથા આમંત્રિત મહેમાન તરીકે ડો. હેમંતભાઈ પટેલે યુવા સંવાદમાં હાજર રહી યુવા, યુવતીઓને ભવિષ્યમાં ચોક્કસ ધ્યેય નક્કી કરી જીવનમાં પ્રગતિ કરી પોતાના પરિવાર, સમાજમાં ઉપયોગી થવાય એની સમજ આપી હતી.

યુવા, યુવતીઓ જોડે વાર્તાલાપ કરી એમના પ્રશ્નો, ભવિષ્યના ધ્યેયની ચર્ચાઓ કરી આવનાર સમયમાં કોઈ તકલીફ હોય તો મદદરૂપ થવાની ખાત્રી આપી હતી. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પાસ થઈને સરકારી, બિન સરકારી કચેરીઓમાં કર્મચારીઓ, અધિકારીઓ બનીને સમાજની સેવા કરો એવી શુભકામનાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમનું સંચાલન પુસ્તકાલયના યુવા વાચક, સભ્ય ગણેશ નિશાળે કર્યુ હતું અને આભાર વિધિ લાઈબ્રેરીના મદદ, ગ્રંથપાલ પૂનમબેન જોશીએ કરી હતી. આ કાર્યક્રમ સફળ બનાવવા પુસ્તકાલયના સ્ટાફે તથા વાચકો, યુવા, યુવતીઓએ જહેમત ઉઠાવી હતી.

# વાપી એસટી ડેપોમાં કર્મચારીઓ દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૩**

વાપી એસ.ટી. ડેપોમાં ડેપો મેનેજર જયદીપ માહલાના વડપણ હેઠળ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અભિયાન દરમિયાન ડેપોના વિવિધ વિસ્તારોમાં અધિકારીઓ તથા કર્મચારીઓએ સ્વૈચ્છિક રીતે સફાઈ કામગીરી હાથ ધરી હતી.

આ સ્વચ્છતા અભિયાનમાં ટ્રાફિક ઈન્સ્પેક્ટર અરુણભાઈ આશી, ટ્રાફિક ઈન્સ્પેક્ટર ધનસુખ પટેલ, હેડ મિકેનિક આર.કે. પટેલ અને ક્લાર્ક ઈલેશભાઈ પટેલ સહિત વાપી એસ.ટી. ડેપોના મોટી સંખ્યામાં કર્મચારીઓ જોડાયા હતા. અધિકારીઓ અને કર્મચારીઓએ સાથે મળીને ડેપો પરિસરની સફાઈ કરી સ્વચ્છતા જાળવવાનો સંદેશ આપ્યો હતો. એસ.ટી. ડેપોના કર્મચારીઓ દ્વારા સ્વયંસ્ફૂર્ત રીતે હાથ ધરાયેલા આ અભિયાનથી 'સ્વચ્છ ડેપો-સ્વચ્છ વાપી'નો સંદેશ પ્રસર્યો હતો.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# બાળકોને ડિજિટલ દુનિયામાં સલામત રાખવા અનિવાર્ય

**આ**ધુનિક સમયમાં ઈન્ટરનેટ અને તેને આધારિત ડિજિટલ પ્લેટફોર્મનું ચલણ અમર્યાદિત વધી ગયું છે. આજે શિક્ષણથી માંડીને વેપાર અને વ્યવસાય સુધી આવા પ્લેટફોર્મ એક તરફ આશીર્વાદરૂપ બની રહ્યા છે, ત્યારે તેના ઉપયોગથી બાળકોના માનસિક સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થઈ રહ્યાની ચોંકાવનારી હકીકતો સામે આવી રહી છે. બાળકોને ડિજિટલ દુનિયામાં સલામત રાખવાની અનિવાર્યતા હવે વિશ્વના દેશોમાં અનુભવાઈ રહી છે. એક તરફ ઓસ્ટ્રેલિયા સહિતના દેશોએ બાળકોને આવા જોખમી સોશિયલ મીડિયા પ્લેટફોર્મના ઉપયોગની મનાઈ ફરમાવી છે, તો બીજી તરફ અમેરિકાએ આવા વૈશ્વિક પ્લેટફોર્મ્સ પર ભારે દંડ ફટકારવાનું શરૂ કર્યું છે. આરંભમાં તમામ વર્ગ માટે ઉપયોગી, માહિતીપ્રદ અને મનોરંજક બની રહેલા ડિજિટલ માધ્યમના જોખમો હવે ચિંતાજનક રીતે સામે આવી રહ્યા છે. આ માધ્યમોના ઉપયોગથી બાળકોની મનોસ્થિતિ પર પડતી અવળી અસરના જોખમોના સંદર્ભમાં અમેરિકાની એક અદાલતે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની માલિક કંપની મેટા ઉપર ૫૬.૭૦ કરોડ ડોલરનો ભારે દંડ ફટકાર્યો છે. આમ તો આ કંપનીએ ગયાં વર્ષે લગભગ ૬૦ અબજ ડોલરનો જંગી નફો રળ્યો હતો, એટલે તેને આ દંડ ચૂકવવાનું મુશ્કેલ નહીં રહે. જો કે, અદાલતે મેટાને તેના પ્લેટફોર્મમાં જે સુધારાકરીને બાળકોની સલામતીને સુનિશ્ચિત કરવાનો આદેશ કર્યો છે, તે આ કંપની માટે સરળ રહે તેમ નથી. આદાલતે આ દંડનો આદેશ કરતી વેળાએ સ્વીકાર્યું છે કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ બાળકોના માનસિક સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. આ પ્લેટફોર્મને જે રીતે તેયાર કરાયું છે તે બાળકોમાં તેની લત લગાવે તેવું છે. બાળકોને યૌન શોષણથી બચાવવામાં પણ મેટા વિફળ રહી છે. અદાલતે તેણે ફટકારેલા દંડનો એક હિસ્સો આવા પ્લેટફોર્મથી અસર પામેલાના કલ્યાણ માટે ખર્ચવાનો આદેશ કર્યો છે. મેટા કંપનીની સામેનું એક બીજું જોખમ પણ તોળાય છે. જે અદાલતે દંડનો આદેશ કર્યો છે, તે ન્યૂ મેક્સિકો રાજ્યની છે. આવા સંખ્યાબંધ કેસ અન્ય રાજ્યોમાં પણ મેટા સામે ચાલી રહ્યા છે.

અમેરિકાની અદાલતે મેટાને સલામતીના ધોરણો અમલી બનાવવા આદેશ કર્યો છે. આ ધોરણો આગામી પાંચ વર્ષ સુધી અમલી રાખવાની તાકીદ કરાઈ છે. ખરેખર તો આવાં પગલાં માત્ર અમેરિકા પૂરતા મર્યાદિત રાખવાને બદલે તેનો વૈશ્વિક સ્તરે અમલ થવો જોઈએ. સાથોસાથ મેટા દ્વારા જે ધોરણો અમલી બને તેની સતત ચકાસણી કરવા અને તેનો અન્ય પ્લેટફોર્મ માટે પણ ફરજિયાત અમલ કરાવવાના કાયદા દરેક દેશે ઘડી કાઢવા જોઈએ.

# અહંકારનો ત્યાગ અને સાચી મહાનતા

**વર્તમાન સમયમાં માનવ કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારની જાળમાં ફસાયેલો છે, જ્યારે મનુષ્યને થોડીક શક્તિ, પદ કે સંપત્તિ મળે છે ત્યારે તે અહંકારના કેફમાં અકલ્પનીય વિનાશ અને પરપીડાનો ખેલ રમવા લાગે છે પરંતુ સાચો મહાન પુરૂષ એ જ છે જે પદ અને પ્રતિષ્ઠા મળવા છતાં નમ્ર રહે છે**

**આ**જના આધુનિક યુગમાં મનુષ્ય સત્તા, સંપત્તિ, પદ અને પ્રતિષ્ઠા મેળવવા માટે અવિરત દોડ લગાવી રહ્યો છે. આ ભૌતિક ક્ષેત્રમાં સફળતા મેળવ્યા પછી પણ મનુષ્ય આંતરિક શાંતિથી વંચિત રહી જાય છે, એનું મુખ્ય કારણ છે મનમાં ઘર કરી ગયેલો 'અહંકાર'. અહંકાર એક એવું સૂક્ષ્મ અને ઘાતક દૂષણ છે, જે મનુષ્યના સદ્‌ગુણોને અંદરથી કોરી ખાય છે. જ્યાં સુધી હૃદયમાં 'હુંપણું' અને 'અભિમાન' રહે છે ત્યાં સુધી સાચી શાંતિ કે પ્રભુપ્રાપ્તિ શક્ય બનતી નથી. મહાન પુરૂષો અને વિચારકો હંમેશાં અહંકાર જેવા દોષથી દૂર રહે છે. આ વાતને સુંદર રીતે સમજાવતી એક પ્રેરક બોધકથા અને તેનું આધ્યાત્મિક ચિંતન અહીં પ્રસ્તુત છે.

એક રાજ્યના રાજાએ પોતાની વધતી ઉંમર જોઈને નિર્ણય કર્યો કે તેઓ રાજપાટ છોડીને સંન્યાસ લઈ લેશે પરંતુ તેમને કોઈ પુત્ર નહોતો, જેને રાજ્ય સોંપીને તેઓ જવાબદારીમાંથી મુક્ત થઈ શકે. રાજાને એક પુત્રી હતી, જેના લગ્નનું આયોજન પણ રાજાએ જ કરવાનું હતું, આથી તેમણે મંત્રીઓને બોલાવ્યા અને આદેશ આપ્યો કે 'આવતીકાલે સવારે જે પણ વ્યક્તિ સૌથી પહેલા આ નગરમાં પ્રવેશ કરશે તેને અહીંનો રાજા બનાવવામાં આવશે અને મારી પુત્રીના લગ્ન પણ તેની સાથે જ કરી દેવામાંઆવશે.'

બીજા દિવસે સવારે રાજ્યના સૈનિકો ફાટેલાંતૂટેલાં કપડાં પહેરેલા એક યુવકને લઈ આવ્યા. રાજાએ વિધાનપૂર્વક તેનો રાજ્યાભિષેક કર્યો, પુત્રીના લગ્ન તેની સાથે કરાવ્યા અને તમામ જવાબદારીઓ સોંપીને પોતે વન તરફ પ્રસ્થાન કરી ગયા.

ધીમેધીમે સમય વીતતો ગયો, તે યુવકે રાજ્યની બાગડોર સંભાળી લીધી અને એક આદર્શ રાજાની જેમ પ્રજાની સેવામાં લાગી ગયો પરંતુ મહેલમાં એક નાની ઓરડી હતી જેની ચાવી રાજા હંમેશા પોતાની કમરે લટકાવી રાખતો. અઠવાડિયામાં એકવાર તે ઓરડીમાં જતો, અડધો કલાક અંદર રહેતો અને બહાર નીકળીને મોટું તાળું મારી દેતો, આ નિત્યક્રમ પૂરો કર્યા પછી જ તે પોતાના અન્ય કામોમાં લાગતો.

રાજાને આ રીતે વારંવાર ઓરડીમાં જતા જોઈને સેનાપતિને આશ્ચર્ય થતું, તે વિચારતો કે રાજ્યનો આખો ખજાનો, હીરાઝવેરાત ખજાનચી પાસે છે, શસ્ત્રાગારની ચાવી મારી પાસે છે અને અગત્યના દસ્તાવેજો મંત્રી પાસે છે તો પછી આ નાની ઓરડીમાં એવું તો શું છે? જ્યાં રાજા દર અઠવાડિયે છુપાઈને જાય છે?

એક દિવસ સેનાપતિથી ન રહેવાયું, તેણે હિંમત કરીને રાજાને પૂછ્યું કે 'રાજન! ક્ષમા કરશો પરંતુ એ જણાવવાની કૃપા કરશો કે તે ઓરડીમાં એવી કઈ અમૂલ્ય વસ્તુ છે જેની સુરક્ષાની આપને આટલી બધી ચિંતાછે?'

રાજાએ ગંભીર થઈને કહ્યું કે 'સેનાપતિ! આ તારા પૂછવાનો વિષય નથી, આ પ્રશ્ન ફરી ક્યારેય ન પૂછતો.' આ ઉત્તરથી સેનાપતિની શંકા વધુ દ્રઢ થઈ. ધીમે ધીમે મંત્રી અને અન્ય સભાસદોએ પણ રહસ્ય જાણવાનો પ્રયાસ કર્યો પણ રાજાએ કોઈને કશું ન બતાવ્યું, આખરે વાત મહારાણી સુધી પહોંચી. રાણીએ અન્નજળનો ત્યાગ કરીને ઓરડીનું સત્ય જાણવાની જિદ્દ પકડી. લાચાર થઈને રાજા, મહારાણી, સેનાપતિ અને મંત્રીઓને સાથે લઈને ઓરડી પાસે ગયા અને દરવાજો ખોલ્યો. દરવાજો ખુલતાં જ અંદરનું દ્રશ્ય જોઈને બધા સ્તબ્ધ થઈ ગયા. દીવાલની ખૂંટી પર લટકતા એક ફાટેલાતૂટેલા વસ્ત્ર



**બોધ કથા**

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

સિવાય અંદર બીજું કશું જ નહોતું.

મંત્રીએ આશ્ચર્યથી પૂછ્યું કે 'મહારાજ! અહીં તો કશું જ નથી!' રાજાએ તે ફાટેલાં કપડાંને અત્યંત આદર સાથે હાથમાં લીધાં અને નમ્ર અવાજે કહ્યું કે 'આ જ તો મારૂં વાસ્તવિક ધન છે, જ્યારે પણ મારામાં રાજા હોવાનો કે સત્તાનો અહંકાર આવવા લાગે છે ત્યારે હું અહીં આવીને આ કપડાં જોઈ લઉં છું, મને તરત યાદ આવી જાય છે કે જ્યારે હું આ રાજ્યમાં આવ્યો હતો ત્યારે આ ફાટેલાં કપડાં સિવાય મારી પાસે કશું જ નહોતું, આ વિચારતાં જ મારૂં મન શાંત થઈ જાય છે અને મારો ઘમંડ નાશ પામે છે.'

> **'સુખ વ્યક્તિના અહંકારની અને દુઃખ વ્યક્તિની ધીરજની પરીક્ષા લે છે, આ બંને પરીક્ષાઓમાં જે પાર ઉતરે છે તેનું જ જીવન સફળ અને સાર્થક કહેવાય છે'**

આ બોધકથા આપણને અહંકારના સૂક્ષ્મ સ્વરૂપ અને તેનાથી બચવાના માર્ગનું દર્શન કરાવે છે. અહંકાર અગ્નિ સમાન છે. અહંકાર એવો અગ્નિ છે જે મનુષ્યને અંદરથી બાળીને ભસ્મ કરી દે છે.' આ શરીર જ હું છું' આવી જાતનું શરીર સાથેનું તાદાત્મ્ય માનવું એ જ અહંકારનું પ્રાથમિક સ્વરૂપ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અષ્ટધા પ્રકૃતિ(પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર)માં અહંકારનો પણ સમાવેશ કર્યો છે, અહીં અહંકાર એટલે પોતાના પૃથક અસ્તિત્વનું સતત ભાન રહેવું. અહંકારના કારણે જ મનુષ્ય શરીર ઈન્દ્રિયો અને મનમાં 'હું'પણું કરી લે છે અને તમામ ક્રિયાઓનો કર્તા પોતાને માની લે છે.

અહંકારના પ્રકારો અને અંતઃકરણ ચતુષ્ટ્યઃસાંખ્ય શાસ્ત્ર મુજબ અહંકારના ત્રણ પ્રકાર છેઃ વૈકારિક (સાત્વિક), તેજસ(રાજસિક), ભૂતાદિ(તામસિક). અંતઃકરણ એક જ છે પરંતુ તેના કાર્ય મુજબ ચાર ભેદ (અંતઃકરણ ચતુષ્ટ્ય) બને છેઃ મન જ્યારે તે સંકલ્પ વિકલ્પ કરે છે, બુદ્ધિઃ જ્યારે તે કોઈ વિષયનો નિર્ણય કરે છે, ચિત્તઃ જ્યારે તે સત્ય પરમાત્માનું ચિંતન કરે છે, અહંકારઃ જ્યારે તેનામાં કર્તાપણાનું કે ક્રિયાનું અભિમાન જાગે છે.. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની શુદ્ધિ સંયમ અને બ્રહ્મચર્ય વગર સંભવ નથી.

ભક્તિમાં અહંકારને કોઈ સ્થાન નથી, કારણ કે ભક્તિનો પાયો જ વિનમ્રતા અને દાસભાવ છે. આપણાં અંતઃકરણમાં પરમાત્માનો વાસ અહંકારની ગેરહાજરીમાં જ થાય છે. જ્યાં સુધી મનુષ્યમાં અહંકાર રહે છે ત્યાં સુધી સદ્‌ગુરૂ દ્વારા પ્રાપ્ત **તત્વજ્ઞાન** પચી શકતું નથી.

જીવના મુક્તિમાર્ગનું સૌથી મોટું વિઘ્ન અહંકાર અને જીવભાવ છે. મોહયુક્ત જ્ઞાન જ અહંકારને જન્મ આપે છે. તન મન અને ધનમાં પોતાપણાનો મમત્વનો ત્યાગ કરવાથી અહંકાર ઓછો થાય છે અને સાચો જિજ્ઞાસુ બ્રહ્મજ્ઞાનનો અધિકારી બને છે.


સુખ વ્યક્તિના અહંકારની પરીક્ષા લે છે અને દુઃખ વ્યક્તિની ધીરજની પરીક્ષા લે છે. આ બંને પરીક્ષામાં પાર ઉતરનારનું જીવન જ સફળ ગણાય છે. સાચો સ્થિતપ્રજ્ઞ અને મહાન પુરૂષ એ જ છે જે પદ, પ્રતિષ્ઠા કે સત્તા મળવા છતાં અહંકારમુક્ત રહે છે, સંતો અને પરમાત્માના ચરણોમાં નમ્ર બનીને રહે છે અને પોતાના મૂળ સ્વરૂપને ક્યારેય ભૂલતો નથી.

વર્તમાન સમયમાં માનવ કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારની જાળમાં ફસાયેલો છે. જ્યારે મનુષ્યને થોડીક શક્તિ, પદ કે સંપત્તિ મળે છે ત્યારે તે અહંકારના કેફમાં અકલ્પનીય વિનાશ અને પરપીડાનો ખેલ રમવા લાગે છે પરંતુ સાચો મહાન પુરૂષ એ જ છે જે પદ અને પ્રતિષ્ઠા મળવા છતાં નમ્ર રહે છે. પોતાના ભૂતકાળ અને મૂળ સ્વરૂપને ક્યારેય ભૂલતો નથી. સંતો અને પરમાત્માના ચરણોમાં નિરંતર ઝૂકતો રહે છે.

'સુખ વ્યક્તિના અહંકારની અને દુઃખ વ્યક્તિની ધીરજની પરીક્ષા લે છે. આ બંને પરીક્ષાઓમાં જે પાર ઉતરે છે તેનું જ જીવન સફળ અને સાર્થક કહેવાય છે.' જેમ કથાના રાજાએ પોતાના ફાટેલાં વસ્ત્રને અહંકાર નિવારણનું સાધન બનાવ્યું, તેમ આપણે પણ નિરંતર આત્મનિરીક્ષણ કરીને આપણા અહંકારને ઈશ્વરના ચરણોમાં સમર્પિત કરી દેવો જોઈએ. અહંકારમુક્ત જીવન જ સાચી શાંતિ, આનંદ અને પરમપદની પ્રાપ્તિ કરાવે છે.

# ભગવાન શિવના શિવલિંગની પૂજા કેમ કરવામાં આવે છે..?

**આપણાં શાસ્ત્રો અને શિવપુરાણ અનુસાર શિવલિંગની પૂજા પાછળ ગૂઢ દાર્શનિક, તત્ત્વજ્ઞાની અને આધ્યાત્મિક રહસ્ય રહેલું છે**



**પ્રાસંગિક**

સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી
છક્કડીયા (ધાણીત્રા)
તા. ગોધરા જી. પંચમહાલ

**નિ**રાકાર અને સાકાર સ્વરૂપ.. શાસ્ત્રો અને વેદો અનુસાર અન્ય તમામ દેવતાઓની પૂજા માત્ર મૂર્તિ (સાકાર) સ્વરૂપમાં થાય છે પરંતુ માત્ર ભગવાન શિવ જ સાક્ષાત્ પરબ્રહ્મ હોવાથી તેઓ નિરાકાર અને સાકાર બંને રૂપ ધરાવે છે.

શિવપુરાણ મુજબ શિવજી સૌપ્રથમ જ્યોતિર્મય સ્તંભજયોતિર્લિંગ રૂપે પ્રગટ થયા હતા. શિવલિંગ એ શિવજીના નિરાકાર પરબ્રહ્મ સ્વરૂપનું પ્રતિક છે. શિવાલયના નિજમંદિરમાં સ્થાપિત શિવલિંગને આત્મલિંગ કે બ્રહ્મલિંગ કહે છે, તે વિશ્વકલ્યાણમાં મગ્ન, સર્વવ્યાપી અને પરમાત્માનું પ્રતિક છે. જે સાધકો શ્રવણ, મનન અને કીર્તનમાં સમર્થ ન હોય તેઓ શિવલિંગ અને મૂર્તિની નિત્ય પૂજા કરીને સંસારસાગર પાર કરી શકે છે.

સૃષ્ટિ, સ્થિતિ, સંહાર અને તિરોભાવ સંસારનો વિસ્તાર કરે છે જ્યારે પાંચમું કાર્ય 'અનુગ્રહ' એ મોક્ષનો હેતુ છે. શિવલિંગની પૂજા કરવાથી આ સમગ્ર બ્રહ્માંડનું પૂજન થઈ જાય છે. સૂક્ષ્મ શરીર અને ૧૯ તત્ત્વોનું રહસ્ય જોઈએ. 'લિંગ' શબ્દનો એક અર્થ સૂક્ષ્મ શરીર પણ થાય છે. મનુષ્યના સૂક્ષ્મ શરીરના મૂળમાં ૧૯ તત્ત્વો રહેલાં છે જેના દાતા સ્વયં ભગવાન શિવ છે.



પાંચ જ્ઞાનેન્દ્રિયોઃ આંખ, કાન, નાક, જીભ અને ત્વચા, પાંચ કર્મેન્દ્રિયોઃ હાથ, પગ, મુખ, ગુદા અને ઉપસ્થ, પાંચ પ્રાણઃ પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન, ચાર અંતઃકરણઃ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર.. પ્રલયકાળમાં આ તમામ ૧૯ તત્ત્વો ભગવાન શિવમાં જ વિલીન થઈ જાય છે.

શિવલિંગ એ શિવ અને શક્તિ બંનેના સમન્વયનું પ્રતિક છે. શક્તિ વિના શિવ અધૂરા છે અને શિવ વિના શક્તિનું સ્વતંત્ર અસ્તિત્વ નથી. શિવલિંગ સ્વરૂપે પૂજા કરવાથી શિવ અને શક્તિ બંનેની કૃપા એકસાથે પ્રાપ્ત થાય છે.

શિવલિંગ એ માત્ર કોઈ ભૌતિક આકાર નથી પરંતુ તે કાલથી પણ પર એવા મહાકાલ, સંતોષી, તપસ્વી, અપરિગ્રહી અને અનાદિઅનંત પરબ્રહ્મ પરમાત્માની ચૈતન્ય શક્તિનું સાક્ષાત્ પ્રતિક છે.

**હજુ ચાંદીપુરા ગયો નથી ત્યાં ગુજરાતમાં નવો વાયરસ!**

# મહીસાગરમાં વિદ્યાર્થીનું મોત, શિક્ષકો અને બાળકો આવી રહ્યા છે ઝપેટમાં

**મહીસાગર જિલ્લામાં અતિ દુર્લભ ગણાતા ન્યુરોલોજીકલ ડિસઓર્ડર ગિલેન બારે સિન્ડ્રોમ (GBS)એ ચકચાર મચાવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**લુણાવાડા, તા.૧૩**

રાજ્યમાં ચાંદીપુરા વાયરસ કહેર વરસાવી રહ્યો છે, ત્યાં મહીસાગર જિલ્લામાં અતિ દુર્લભ ગણાતા ન્યુરોલોજીકલ ડિસઓર્ડર ગિલેન બારે સિન્ડ્રોમ (GBS)એ ભારે ચકચાર મચાવી છે. લુણાવાડા સ્થિત જયશ્રી નગર સોસાયટી નજીક આવેલા વિસ્તારમાં આ રોગના કેસો પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો છે.

સૌથી વધુ અસર લુણાવાડાની આદર્શ શાળામાં જોવા મળી છે, જ્યાં અભ્યાસ કરતા ૫થી વધુ બાળકો અને કેટલાક શિક્ષકો પણ ચ્જીની ઝપેટમાં આવી ગયા છે. આ ગંભીર બીમારીના કારણે આદર્શ શાળાના ધોરણ ૩માં અભ્યાસ કરતા માસૂમ વિદ્યાર્થી દેવરાજ મછારનું કરૂણ મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. છેલ્લા એક અઠવાડિયાથી આદર્શ શાળામાં એક પછી એક કેસ સામે આવી રહ્યા હોવા છતાં લુણાવાડા આરોગ્ય વિભાગ અને નગરપાલિકા તંત્ર ઘોર નિંદ્રામાં ઝડપાયું હોય તેવો ઘાટ સર્જાયો છે. જયશ્રી નગર સોસાયટી નજીક શાળા આવેલી હોવાથી પોતાના બાળકોના સ્વાસ્થ્યને લઈને વાલીઓમાં ઘેરી ચિંતા વ્યાપી છે.

ગંભીર સ્થિતિને ધ્યાને રાખીને વાલીઓએ જિલ્લા આરોગ્ય અધિકારીને ટેલિફોનિક રજૂઆત કરીને આદર્શ શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોનું તાત્કાલિક અને યોગ્ય ટેસ્ટિંગ કરાવવા માંગ કરી છે. સ્થાનીક લોકો અને વાલીઓ માંગ કરી રહ્યા છે કે જિલ્લાનું આરોગ્ય તંત્ર અને લુણાવાડા નગરપાલિકા વહેલી તકે સઘન સફાઈ અને આરોગ્ય વિષયક કામગીરી શરૂ કરે.

હોસ્પિટલમાંથી સારવાર બાદ રજા મેળવનાર બાળક જહાનના પિતાએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, GBSના કારણે તેમના બાળકે અચાનક બોલવાની ક્ષમતા ગુમાવી દીધી હતી.

જોકે, લક્ષણો જણાતાં જ તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવતાં હાલ બાળકની સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે.

એક્સપર્ટ ડોક્ટર દીપ મહેતાએ આ બીમારી અંગે સાવચેતી રાખવા અપીલ કરી છે. GBS (Guillain-Barré Syndrome) એ એક દુર્લભ ન્યુરોલોજીકલ ડિસઓર્ડર છે, જેમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ ભૂલથી પોતાના જ ચેતાતંત્ર પર હુમલો કરે છે.

આ રોગની સારવાર સામાન્ય પરિવાર માટે ખૂબ જ આર્થિકબોજસમાન છે. GBSની રોગપ્રતિકારક સારવાર માટે વપરાતું એક ઈન્જેકશન ૨૨,૦૦૦થી લઈને ૪૨,૦૦૦ સુધીની કિંમતનું મળે છે, જેના કારણે દર્દીના પરિવાર પર મોટો આર્થિક બોજ પડે છે.




**GBSના મુખ્ય લક્ષણોઃ**

શરીરમાં સતત અને અતિશય નબળાઈ અનુભવાવી.

હાથ અને પગની આંગળીઓમાં ખાલી ચડવી કે ઝણઝણાટી થવી.

પેરાલિસિસ (લકવા) જેવી સ્થિતિ સર્જાવી.

સ્નાયુઓ પરનું નિયંત્રણ ઘટવું.

ચાલવામાં અને બેસવામાં ગંભીર અશક્તિ જણાવી.

ગળામાં તકલીફ થવી અને ખોરાક ગળવામાં અસ્વસ્થતા.

શ્વાસ લેવામાં તકલીફ પડવી.

ઉલ્લેખનીય છે કે, ડોક્ટરોની સલાહ મુજબ, જો બાળકમાં કે કોઈ વ્યક્તિમાં આમાંથી કોઈ પણ લક્ષણ જણાય તો સમય બગાડ્યા વિના ત્વરિત નિષ્ણાત ન્યુરોલોજિસ્ટ અથવા નજીકની હોસ્પિટલનો સંપર્ક કરો. આ રોગ સામે સમયસરની સારવાર જ દર્દીનો જીવ બચાવી શકે છે.



# હોર્મુઝની ખાડીમાં ફસાયેલા ૧,૫૦૦ જહાજો 'રોગચાળા'ના સુપર સ્પ્રેડર બને તેવો વૈજ્ઞાનિકોને ડર

**જહાજો જે બંદરોએ જશે ત્યાં નવા જીવાણુ પણ લઈ જશેઃજહાજો લાંબા સમયથી ઊભા રહેવાના લીધે સમુદ્રી જીવ, શેવાળ, પરજીવી, સૂક્ષ્મ જંતુઓ ચોંટવાની ભીતિ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**દુબઈ, તા.૧૩**

હોર્મુઝની ખાડી લાંબા સમયથી બંધ રહેવાના કારણે તેની અસર ફક્ત ક્રૂડ ઓઈલ, ગેસ અને વૈશ્વિક વેપાર સુધી જ મર્યાદિત નથી. ફારસની ખાડીમાં લાંબા સમયથી રોકાયેલા જહાજો એવા ભયને જન્મ આપી શકે છે જેની અસર હજારો કિ.મી. દૂર સુધી પહોંચવાનો ડર સતાવી રહ્યો છે. વૈજ્ઞાનિકોની ચેતવણી છે કે ફારસની ખાડીમાં લાંબા સમયથી ઊભેલા ૧,૫૦૦ જહાજ સુપર સ્પ્રેડર બની શકે છે.વાસ્તવમાં આ જહાજ લાંબા સમય સુધી એક જ જગ્યો ઊભેલા હોય છે. તેના કારણે તેના નીચેના હિસ્સામાં સમુદ્રી જીવ, શેવાળ, પરજીવી અને બીજા સૂક્ષ્મજીવી જંતુઓ ચોંટવા લાગે છે. તેને બાયોફાઉલિંગ કહેવાય છે. અહીં ડર એ છે કે હોર્મુઝની ખાડી ખૂલ્યા પછી હવે આ જહાજ જુદાં-જુદાં બંદરો તરફ રવાના થશે. તેની સાથે આ જીવ પણ હજારો કિ.મી. દૂર પહોંચી શકે છે.સમુદ્રમાં રહેતા મોટાભાગના જીવ પોતાની સ્થાનિક પરિસ્થિતિના તંત્રનો હિસ્સો હોય છે. પરંતુ જો કોઈ બહારની પ્રજાતિ કોઈ નવા સમુદ્ર વિસ્તારમાં પહોંચે છે તો તે તેની પ્રાકૃતિક દુશ્મન ન હોવાના લીધે ઝડપથી ફેલાઈ શકે છે. તેનાથી સ્થાનિક માછલીઓ, દરિયાઈ છોડ અને બીજા જીવો માટે ભય સર્જાઈ શકે છે.આ અસર ફક્ત સમુદ્ર સુધી સીમિત નહીં રહે. મત્સ્યપાલન, જળકૃષિ, તટીય ઉદ્યોગ અને તેની સાથે જોડાયેલી ઈકોનોમી તેની ઝપેટમાં આવી શકે છે. આ જ કારણે વૈજ્ઞાનિકો લાંબા સમયથી ખાડીમાં ઉભેલા જહાજોને સુપર સ્પ્રેડર બને તેવો ડર સેવી રહ્યા છે.ફારસની ખાડીના સમુદ્રનું ગરમ વાતાવરણ બાયોફાઉલિંગ માટે અનુકૂળ મનાય છે. આમ જેટલો લાંબો સમય વધુ જહાજ અહીં રહેશે તેટલો વધો સમય વનસ્પતિઓ જમા થવાની સંભાવના વધશે.ફારસની ખાડીમાં પહેલેથી જ ૫૦ જેટલી પ્રજાતિ હાજર હોવાનું મનાય છે. આવામા લાંબા સમય સુધી રોકાયેલા જહાજ વિશ્વના બીજા હિસ્સામાં જશે. તેની સાથે નવા સમુદ્રી જીવ પહોંચવાનું જોખમ વધી જાય છે. આમ કોઈ એક જહાજના લાંબા સમય સુધી એક જ સ્થળે ઊભા રહેવું તે જહાજ માટે મોટો ખતરો મનાય છે.નિષ્ણાતોનું કહેવું છે કે હોર્મુઝમાંથી નીકળનારા જહાજોની પહેલા ચકાસણી કરવી જરુરી છે. તેની બહારની સપાટી પર જમા જીવો અને જૈવિક સામગ્રીની ઓળખ કરી શકાય છે. જરુર પડે તો સમુદ્રમાં જતાં પહેલા આ જહાજની અંડરવોટર સફાઈ કરવામાં આવે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## ‘ગર્વ હૈ’ એથ્લેટ નૂરજહાં જમાનીને ગુજરાતના સરદાર પટેલ સ્પોર્ટ્સ એવોર્ડની નવાજેશ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૧૩ :** ભારતની પહેલાનંબરની અને વિશ્વની ૨૭માં ક્રમની પેરા ટેબલ ટેનિસ ખેલાડી નૂરજહાં નૂરઅલી જમાનીને ગુજરાત સરકાર દ્વારા પ્રતિષ્ઠિત ‘સરદાર પટેલ સ્પોર્ટ્સ એવોર્ડ’થી નવાજવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા થયેલું આ સન્માન અદાણી સ્પોર્ટ્સલાઈનના ‘ગર્વ હૈ’ કાર્યક્રમ સાથે જોડાયેલા આ ખેલાડીની કારકિર્દીમાં એક વધુ પ્રતિષ્ઠિત સિદ્ધિનો ઉમેરો કરે છે.૧૨મી ઓગસ્ટે ગાંધીનગરમાં યોજાયેલા એક સમારોહમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ તેમને આ પુરસકાર અર્પણ કર્યો હતો.



ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા સ્થાપિત કરવામાં આવેલ‘સરદાર પટેલ સ્પોર્ટ્સ એવોર્ડ’ રાજયના સર્વોચ્ચ રમતગમત સન્માનોમાંનો એક છે. ‘ભારતના લોખંડી પુરુષ’ અને ભારતના રાજકીય એકીકરણના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના નામ પરથી રાખવામાં આવેલ આ પુરસ્કાર વિવિધ રમતોમાં દૃઢતા, નિશ્ચય અને શ્રેષ્ઠતાનું પ્રદર્શન કરી રહેલા અને રમતગમતની સિદ્ધિઓ દ્વારા ગુજરાત તથા દેશનું ગૌરવ વધારતા ચુનંદા ખેલાડીઓને પ્રોત્સાહનરૂપે સન્માનિત કરે છે.

પાંચ વર્ષની ઉંમરે પોલિયોનો શિકાર બનેલા નૂરજહાંએ ૨૦૦૭ અને ૨૦૧૦ વચ્ચે પેરા ટેબલ ટેનિસની સ્પર્ધાઓમાં ભાગ લઈ કારકિર્દી શરૂ કરી હતી. ત્યારબાદ તેમણે આ રમતથી એક દાયકાથી વધુ સમય માટે કામચલાઉ વિરામ લીધો હતા.

૨૦૨૨માં નૂરજહાંએ સ્પર્ધાત્મક ટેબલ ટેનિસમાં કરેલું પુરરાગમન એક અસાધારણ પૂરવાર થયું હતું. ત્યારબાદ તેમણે ‘ UTT નેશનલ પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ’ જીત્યા બાદ ઈન્દોરમાં યોજાયેલી ‘UTT પેરા સિનિયર નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬’માં પણ પોતાનું ટાઈટલ સફળતાપૂર્વક જાળવી રાખ્યું છે; આ પ્રદર્શનોને કારણે તેઓ તેમની શ્રેણીમાં ભારતની નંબર ૧ અને વિશ્વની નંબર ૨૭ ખેલાડી બન્યા છે.

અમદાવાદ સ્થિત નૂરજહાં ભારતની સૌથી મોટી ખાનગી એરપોર્ટ ઓપરેટર કંપની ‘અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિ.’ કંપનીમાં જુનિયર ઓફિસર તરીકે ફરજ બજાવે છે. અદાણી સ્પોર્ટ્સલાઈનની આ શિરમોર ‘ગર્વ હૈ’ પહેલ મારફત આશાસ્પદ ભારતીય ખેલાડીઓને લાંબા ગાળાના અને ઉચ્ચકક્ષાના સમર્થન દ્વારા પ્રોત્સાહન અને સશક્તિકરણ પૂરૂ પાડી તેના માધ્યમથી ખેલાડીઆને ટુર્નામેન્ટનું આયોજન, કોચિંગ, પ્રદર્શનનું નિરીક્ષણ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે સહાય આપવામાં આવે છે. આ સુવિધાઓ ખેલાડીઓને વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓ સામે સતત સ્પર્ધા કરવા માટે મનોબળ વધારી સક્ષમ બનાવે છે.

નૂરજહાંએ ‘ગુજરાત સરકાર તરફથી મળેલું આ સન્માન અત્યંત વિશેષ હોવાની લાગણી વ્યક્ત કરી જણાવ્યું હતું કે આવા એવોર્ડ મને વધુ ઊંચા લક્ષ્યો હાંસલ કરવા માટે પ્રેરિત કરી ભારતનું ગૌરવ વધારવા સાથે દેશનું પ્રતિનિધિત્વ કરવાના મારા સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. આ તકે નૂરજહાંએ પોતાના કૌશલ્યમાં ભરોસો રાખવા અને મારી સફરના પ્રત્યેક તબક્કે મને સમર્થન આપવા બદલ અદાણી સ્પોર્ટ્સલાઈન અને ‘ગર્વ હૈ’ પહેલ પ્રતિકૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

અદાણી સ્પોર્ટ્સલાઈનના ચીફ બિઝનેસ ઓફિસર સંજય આદેસરાએ કહ્યું હતું કે નૂરજહાંની સફર એ ચેમ્પિયન્સની ઓળખને અનુરૂપ દ્રઢ નિશ્ચય અને અડગ મનોબળને પ્રતિબિંબિત કરે છે. ‘ગર્વ હૈ’ પહેલ દ્વારા તેમને સમર્થન આપતા ગૌરવ વ્યક્ત કરી આ સન્માન માટે તેમને અભિનંદન આપ્યા હતા.

આ સન્માન એવા સમયે મળ્યું છે જ્યારે નૂરજહાં જાપાનના આઈચી અને નાગોયા ખાતે ૧૮થી ૨૪ ઓક્ટોબર દરમિયાન યોજાનારી ૨૦૨૬ એશિયન પેરા ગેમ્સ માટે ક્વોલિફાય થવાનું લક્ષ્ય રાખી રહી છે; આ સ્પર્ધામાં તેઓ પેરા સ્પોર્ટ્સમાં ભારતની વધતી જતી સફળતામાં એક નવું પ્રકરણ લખવાની આશા રાખે છે.

### તારીખોમાં થશે ફેરફાર!

## બદલાઈ જશે ભારત અને અફઘાનિસ્તાન સિરીઝનું શેડ્યૂલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩ :** ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ૧૨ ઓગસ્ટના રોજ અફઘાનિસ્તાન સામેની T20 શ્રેણીનું શેડ્યૂલ જાહેર કર્યું. શેડ્યૂલ મુજબ ત્રણ મેચની T20 શ્રેણી ૧૩ સપ્ટેમ્બરથી શરૂ થવાની છે. એક અહેવાલમાં જણાવાયું છે કે અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે શ્રેણીના શેડ્યૂલમાં ફેરફાર કરવા અંગે BCCIને એક વિનંતી કરી છે. ભારત વિરુદ્ધ અફઘાનિસ્તાન ત્રણ મેચની T20 શ્રેણીની પહેલી મેચ ૧૩ સપ્ટેમ્બરના રોજ યોજાવાની છે, બીજી ૧૫ સપ્ટેમ્બરના રોજ અને છેલ્લી મેચ ૧૭ સપ્ટેમ્બરના રોજ રમાશે. ત્રણેય મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે.

**ભારત-અફઘાનિસ્તાન સિરીઝનું વર્તમાન શેડ્યૂલ**
૧૩ સપ્ટેમ્બર - ૧લી T20
૧૫ સપ્ટેમ્બર - બીજી T20
૧૭ સપ્ટેમ્બર - ત્રીજી T20.

મીડિયા અહેવાલ મુજબ, અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ (ACB)એ BCCIને વિનંતી કરી છે કે પહેલી અથવા બીજી T20 મેચ ૧૪ સપ્ટેમ્બરના રોજ ફરીથી શેડ્યૂલ કરવામાં આવે. નોંધનીય છે કે ગણેશ ચતુર્થીનો તહેવાર ૧૪ સપ્ટેમ્બરના રોજ આવે છે, તેથી આ દિવસે મેચનું આયોજન કરવા વિનંતી કરવામાં આવી છે.

જો શેડ્યૂલમાં ફેરફાર કરવામાં આવે છે, તો સતત બે દિવસ મેચ રમાશે. જો કે, BCCIએ હજુ સુધી આની પુષ્ટિ કરી નથી. આ પહેલીવાર હશે જ્યારે ભારતીય ટીમ બીજા દેશની યજમાની કરી રહી છે, છતાં બધી મેચ ભારતમાં રમાશે.

અફઘાનિસ્તાન સામેની T20 શ્રેણીની પુષ્ટિએ ટીમ ઈન્ડિયાના બાંગ્લાદેશ પ્રવાસને જોખમમાં મૂક્યો છે. ટીમ ઈન્ડિયાનો બાંગ્લાદેશ પ્રવાસ ઓગસ્ટ ૨૦૨૫થી મુલતવી રાખવામાં આવી રહ્યો છે. બંને દેશો વચ્ચે વધતા રાજકીય તણાવને કારણે પ્રવાસ અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી મુલતવી રાખવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, BCBએ પ્રવાસ ફરી શરૂ કરવા અંગે BCCIનો સંપર્ક કર્યો હતો, પરંતુ BCCIએ આ બાબતે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. ટીમ ઈન્ડિયા આગામી મહિનાઓમાં ઘણી શ્રેણી રમવાની છે અને અફઘાનિસ્તાન સામેની શ્રેણીની પુષ્ટિથી હવે બાંગ્લાદેશ પ્રવાસ પર શંકા ઉભી થઈ છે.

### પૂર્વ સ્પિનર હરભજન સિંહે નિવેદન આપ્યું

## ટીમ ખરાબ પ્રદર્શન કરે ત્યારે હંમેશા કોચને જ કેમ જવાબદાર ઠેરવવામાં આવે છે?

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩ :** ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર સતત ટીકાઓનો સામનો કરી રહ્યા છે. ત્યારે પૂર્વ સ્પિનર હરભજન સિંહે તેના સમર્થનમાં નિવેદન આપ્યું છે. હરભજને સવાલ કર્યો છે કે જ્યારે ટીમ ખરાબ પ્રદર્શન કરે ત્યારે હંમેશા કોચને જ કેમ જવાબદાર ઠેરવવામાં આવે છે? તેમના મતે ગંભીર પોતાની રમતના દિવસોથી જ અત્યંત જુસ્સાદાર રહ્યો છે અને તેના માટે ટીમ હંમેશા વ્યક્તિગત ઉપલબ્ધિઓથી ઉપર રહી છે. ગંભીરના કોચિંગ હેઠળ ભારતે મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટોમાં શાનદાર પ્રદર્શન કર્યું છે.

ગંભીરના સ્વભાવ વિશે વાત કરતા હરભજને જણાવ્યું કે તે ખૂબ જ સીધા અને સ્પષ્ટવક્તા છે. ઘણા લોકોને તેમની વાતો કડવી લાગી શકે છે, પરંતુ તે કડવું સત્ય હોય છે જેને ઘણા લોકો પચાવી શકતા નથી. ગંભીરના સાર્વજનિક વ્યક્તિત્વના આધારે તેમના વિશે ખોટી ધારણા બાંધવી યોગ્ય નથી. હરભજનના જણાવ્યા અનુસાર, ગંભીર ક્યારેય જીત માટે પ્રયાસ કર્યા વિના મેદાન પર હાર સ્વીકારવા તૈયાર નથી હોતા અને તેઓ ખેલાડીઓમાં પણ આ જ વિજેતા માનસિકતા જોવા માંગે છે.

ગંભીર ઉપરાંત હરભજને ભારત અને નવા ટેસ્ટ તથા વનડે કેપ્ટન શુભમન ગિલનું પણ સમર્થન કર્યું છે. ભલે ગિલની કેપ્ટનશિપમાં વનડે ક્રિકેટમાં પરિણામો અપેક્ષા મુજબ ન આવ્યા હોય, છતાં હરભજને તેના પર પૂરો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સફળતા રાતોરાત નથી મળતી અને કોઈ પણ યુવા કેપ્ટનને સ્થિર થવા માટે સમય આપવો જરૂરી છે.

ગયા વર્ષે ઈંગ્લેન્ડમાં રમાયેલી ટેસ્ટ સિરીઝનું ઉદાહરણ આપતા હરભજને કહ્યું કે ભારતે ગિલની કેપ્ટનશિપમાં સિરીઝ ૨-૨થી ડ્રો કરાવી હતી, જ્યાં ગિલે સૌથી વધુ રન બનાવીને પોતાની ક્ષમતા સાબિત કરી હતી. ભવિષ્યમાં ગિલના કારકિર્દીમાં ઉતાર-ચઢાવ આવી શકે પરંતુ ક્રિકેટની શાનદાર સમજ અને ઉત્તમ સ્વભાવના કારણે તે આગામી સમયમાં સફળ કેપ્ટન બનશે.

### પ્રતિબંધિત પદાર્થોની થશે તપાસ

# ગાંજા કાંડ બાદ ગ્રૂપના તમામ પાયલટોના ફરજિયાત સ્ક્રિનિંગનો એર ઇન્ડિયાનો આદેશ

**દિલ્હી-ફુકેત ફ્લાઇટ AI2379માં થયેલી ઘટના, જ્યાં એક પાયલટ કોકપિટના ફ્લોર પર પડેલા જોવા મળ્યા હતા અને ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા, તે પછી આ પગલું લેવાયું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩**

એર ઈન્ડિયાએ ગાંજા કાંડ બાદ પોતાના ગ્રૂપના તમામ પાયલોટોના ફરજિયાત સ્ક્રિનિંગનો આદેશ આપ્યો છે. નિયમો હેઠળ પ્રતિબંધિત પદાર્થો અને દવાઓની તપાસ કરવામાં આવશે. એર ઈન્ડિયાનો દાવો છે કે, ટ્રેનિંગ અને ઉડાન બાદ પાયલોટોની તપાસ થશે. ગુરુગ્રામ એકેડેમી, ફ્લાઈટ બ્રીફિંગ સેન્ટર અને બેઝ લોકેશન પર આ સ્ક્રિનિંગ હાથ ધરાશે. એર ઈન્ડિયાના જણાવ્યા અનુસાર, DGCAના નિયમો યુરોપ અને અમેરિકાના ધોરણો સમાન છે.

એર ઈન્ડિયાનું કહેવું છે કે, તે પહેલેથી જ DGCAના તમામ નિયમોનું પાલન કરે છે, પરંતુ હવે કંપનીએ સુરક્ષા માટે નિયમોથી એક ડગલું આગળ વધીને તમામ પાયલોટોનું સ્ક્રિનિંગ કરાવવાનો નિર્ણય લીધો છે. કંપનીએ જણાવ્યું છે કે, આ પગલાનો હેતુ મુસાફરોની સુરક્ષા અને એર ઈન્ડિયા પર લોકોનો વિશ્વાસ જાળવી રાખવાનો છે.

૪ ઑગસ્ટના રોજ દિલ્હી-ફુકેત ફ્લાઈટ નંબર AI2379માં ટર્બ્યુલન્સ(હવાનો તીવ્ર આંચકો) થયો હતો. સૂત્રોએ જણાવ્યું કે, ફુકેતથી દિલ્હી પરત ફરતી વખતે વિમાન અચાનક લગભગ ૩૦૦ ફૂટ નીચે આવી ગયું હતું. આ દરમિયાન મુખ્ય પાયલોટ કોકપિટના ફ્લોર પર પડેલો હોવાની બાબત સામે આવી હતી. આ ઘટનામાં ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો(AAIB) આ મામલે તપાસ કરી રહ્યું છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે પાયલોટે ગાંજો પીધો હતો. ક્રૂ મેમ્બરે પોતે આ અંગે ફરિયાદ કરી હતી. આ સાથે જ સૂત્રોના જણાવ્યા અનુસાર, સીટ સંબંધિત પ્રોટોકોલને લઈને પાયલોટ અને કેબિન ક્રૂના એક સભ્ય વચ્ચે બોલાચાલી થઈ હતી. ફુકેત પહોંચ્યા પછી પણ બંને વચ્ચેનો તણાવ પૂરો થયો ન હતો.

૧૧ ઑગસ્ટના રોજ એર ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર (CEO) કેમ્પબેલ વિલ્સને એરલાઈનના વરિષ્ઠ અધિકારીઓ સાથે નાગરિક ઉડ્ડયન સચિવ સમીર કુમાર સિંહા અને અન્ય અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. સૂત્રોએ જણાવ્યું કે, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ફ્લાઈટ AI2379ની ઘટના બાદ એરલાઈનના ત્રણ વરિષ્ઠ અધિકારીઓને બેઠક માટે બોલાવ્યા હતા.

### મુશ્કેલીઓ સામે હાર ન માનો : વડાપ્રધાન

## મોદીએ સંસ્કૃત શ્લોક દ્વારા આપ્યો દેશવાસીઓને પ્રેરણાદાયક સંદેશ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર એક પ્રેરક સંસ્કૃત સુભાષિત શેર કર્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩**

નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર એક પ્રેરક સંસ્કૃત સુભાષિત શેર કર્યું છે. આ સુભાષિત દ્વારા તેમણે દૃઢ સંકલ્પ, અથાગ મહેનત અને પુરુષાર્થનું મહત્વ સમજાવ્યું છે. તેમણે શેર કરેલા શ્લોકમાં મુશ્કેલ પરિસ્થિતિઓ સામે હાર ન માનવા અને સતત પ્રયાસ કરતા રહેવાનો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે.

પીએમ મોદીએ પોતાની પોસ્ટમાં લખ્યું હતુંઃ દૈવ પુરુષકારેણ યઃ સમર્થઃ પ્રબાધિતુમા ને દૈવેન વિપન્નાર્થઃ પુરુષઃસોઽવસીદતિ॥ આ સંસ્કૃત શ્લોકનો અર્થ છે કે જે વ્યક્તિ પોતાના દૃઢ સંકલ્પ, અથાગ પરિશ્રમ અને પુરુષાર્થથી પ્રતિકૂળ પરિસ્થિતિઓને પણ અનુકૂળ બનાવવાની ક્ષમતા ધરાવે છે, તે જીવનમાં આવતી મુશ્કેલીઓથી ક્યારેય હાર માનતો નથી. તે સતત પ્રયાસ કરતો રહે છે અને અંતે સફળતા પ્રાપ્ત કરે છે.

આ સંદેશ દ્વારા વડાપ્રધાને સમગ્ર દેશવાસીઓને, ખાસ કરીને યુવાનોને, મુશ્કેલીઓને પડકાર તરીકે સ્વીકારીને આગળ વધવાની પ્રેરણા આપી છે. આ પહેલાં બુધવારે પણ વડાપ્રધાન મોદીએ ‘X’ પર એક અન્ય સુભાષિત શેર કર્યું હતું. તેમાં તેમણે દેશના યુવાનોને ભારતનું ભવિષ્ય જ નહીં, પરંતુ વર્તમાનની સૌથી મોટી શક્તિ ગણાવી હતી.


પીએમ મોદીએ લખ્યું હતું કે, “આપણા યુવા સાથીઓ દેશનું ભવિષ્ય જ નહીં, પરંતુ વર્તમાનની સૌથી મોટી શક્તિ પણ છે. તેમણે પોતાની સંવેદનશીલતા, સેવાભાવ અને સામર્થ્યથી સમગ્ર વિશ્વમાં અલગ ઓળખ બનાવી છે.” સાથે જ તેમણે બીજો સંસ્કૃત શ્લોક પણ શેર કર્યો હતોઃ “ચક્ષુષા મનસા વાચા કર્મણા ચ ચતુર્વિધમ્ । પ્રસાદયતિ યો લોકં તં લોકોઽનુપ્રસીદતિ ।”.

આ શ્લોકનો અર્થ છે કે જે વ્યક્તિ પોતાની દૃષ્ટિ, વિચારો, વાણી અને કર્મો દ્વારા લોકોનું હૃદય જીતી લે છે, તે લોકોના વિશ્વાસ, સન્માન અને સદભાવનો હકદાર બને છે.



વડાપ્રધાન મોદીની તાજેતરની આ સતત પોસ્ટ્સમાં સારા વિચારો, સદાચાર, મહેનત, સંકલ્પ અને સમાજ પ્રત્યેની જવાબદારી જેવા વિષયો પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. તેમના ગુરુવારના સંસ્કૃત સુભાષિતનો મુખ્ય સંદેશ પણ સ્પષ્ટ છે કે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે નમવાને બદલે પુરુષાર્થ અને સતત પ્રયાસના બળથી આગળ વધવું જોઈએ. આ પ્રેરક સંદેશો દેશના યુવાનો અને સમગ્ર નાગરિકોમાં હિંમત અને આત્મવિશ્વાસ જગાવવાનું કામ કરી રહ્યા છે.

### ઈન્ડોનેશિયાના બાલી નજીક ફેરીમાં આગ લાગી, એકનું મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**બાલી, તા.૧૩**

ઈન્ડોનેશિયાના બાલી ટાપુ નજીક બુધવારે એક ફેરીમાં આગ લાગી હતી, જેમાં એક મુસાફરનું મોત થયું હતું અને ૨૧૧ અન્ય લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

બુધવારે સવારે ૪:૩૯ વાગ્યે (સ્થાનિક સમય) આગ લાગી હતી જ્યારે પુત્રી યાસ્મીન ફેરી બાલીના પડંગ બાઈ બંદરથી પશ્ચિમ નુસા ટેંગારા પ્રાંતના પડોશી ટાપુ લોમ્બોક પર લેમ્બર બંદર તરફ જઈ રહી હતી. આગ લાગવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી. આ ઘટના જાવાના મુખ્ય ટાપુ પર બીજી એક ઈન્ડોનેશિયન ફેરી, મુતિયારા સેન્ટોસા ૨, માં આગ લાગવાના બે અઠવાડિયા કરતાં પણ ઓછા સમયમાં બની છે, જેમાં પાંચ લોકો માર્યા ગયા હતા.

શરૂઆતના અહેવાલોમાં જણાવાયું હતું કે આગ લાગી ત્યારે ફેરીમાં ૧૭ ક્રૂ સભ્યો સહિત ૧૩૧ લોકો સવાર હતા. જોકે, થોડા કલાકો પછી, અધિકારીઓએ અહેવાલ આપ્યો કે સૂચિબદ્ધ સંખ્યા કરતાં વધુ લોકો બોટમાં સવાર હતા. ઈન્ડોનેશિયામાં, બોટ અથવા ફેરીમાં મુસાફરોની સંખ્યા નોંધાયેલી સંખ્યાથી અલગ હોવી સામાન્ય છે. ફેરીમાં ૪૪ કાર અને ૫૩ મોટરસાયકલ પણ હતી.

બચાવ એજન્સીએ જણાવ્યું હતું કે ફેરીમાંથી ૨૧૧ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં બે ઓસ્ટ્રેલિયન પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે. ૧૯ વર્ષીય ઈન્ડોનેશિયન મહિલાનો મૃતદેહ પણ મળી આવ્યો હતો.

## સુખબીર સિંહ બાદલ પર જીવલેણ હુમલો, નિહંગે કિરપાણથી કર્યો એટેક, એકની અટકાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩**

મહારાષ્ટ્ર સ્થિત નાંદેડમાં શિરોમણિ અકાલી દળના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખબીર સિંહ બાદલ પર હુમલો થયો છે. બાદલ પરિવારની સાથે ત્યાં ગયા હતા. તેમના પર હુમલો નાંદેડમાં ગુરૂદ્વારા માતા સાહિબ કૌરમાં એક નિહંગે કિરપાણથી કર્યો છે. જાણકારી પ્રમાણે બાદલના હાથમાં ઈજા થઈ છે. કહેવામાં આવ્યું કે ચર્ચા વચ્ચે કિરપાણથી સુખબીર પર હુમલો કરવામાં આવ્યો. હુમલા બાદ સુખબીર સિંહ બાદલને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

હુમલામાં સુખબીર સિંહ બાદલને ડાબા હાથમાં ઈજા થઈ છે. તેમની સુરક્ષામાં તૈનાત એક



પોલીસ અધિકારી પણ ઈજાગ્રસ્ત થવાની જાણકારી સામે આવી છે.

આ સંદર્ભમાં નાંદેડ પોલીસે એક નિવેદનમાં કહ્યું કે, પંજાબના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સુખબીર સિંહ બાદલ પર નાંદેડ ગુરૂદ્વારાની અંદર એક નિહંગે હુમલો કર્યો. હાથમાં ઈજા થયા બાદ સુખબીર સિંહ બાદલને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. પોલીસે એક વ્યક્તિની અટકાયત કરી છે.

કહેવામાં આવી રહ્યું છે કે કોઈ વાતની દલીલ દરમિયાન આરોપીએ કિરપાલથી સુખબીર સિંહ બાદલ પર હુમલો કર્યો. પરંતુ ઘટનાનું કારણ સામે આવ્યું નથી. પોલીસે હુમલા બાદ જસપાલ સિંહની અટકાયત કરી છે. પોલીસ પ્રમાણે પૂછપરછ દરમિયાન જસપાલ સિંહે જણાવ્યું કે તેણે ફક્ત એટલા માટે હુમલો કર્યો કારણ કે તેને એવું લાગ્યું હતું. પરંતુ પોલીસ આરોપીના આ નિવેદનથી સંતુષ્ટ નથી. પોલીસે હુમલા બાદ આરોપીની અટકાયત કરી છે.

આ પહેલા પર સુખબીર સિંહ બાદલ પર હુમલો થઈ ચુક્યો છે. ડિસેમ્બર ૨૦૨૪મા અમૃતસર સ્થિત સુવર્ણ મંદિરમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી પર ગોળી ચલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટના તે સમયે બની હતી, જ્યારે બાદલ અકાલ તખ્તની સજા બાદ સવર્ણ મંદિરની બહાર સેવા આપી રહ્યાં હતા. સુરક્ષાકર્મીઓએ હુમલો કરનારને પકડી લીધો અને ગોળી સુખબીર સિંહ બાદલને વાગી નહીં.

### સંયુક્ત રાષ્ટ્રે પોતાના અહેવાલમાં કર્યો સ્વીકાર

## અલ કાયદાએ કરાવ્યો હતો દિલ્હીના લાલ કિલ્લા પાસે બોંબ બ્લાસ્ટ

**સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની દેખરેખ ટીમ દ્વારા રજૂ કરાયેલા અહેવાલમાં ચોંકાવનારી વિગતો બહાર આવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩**

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ટીમ દ્વારા કરાયેલા અધ્યન બાદ તાજેતરમાં પ્રકાશીત કરાયેલા અહેવાલમાં, યુએન સુરક્ષા પરિષદની દેખરેખ ટીમે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, નવેમ્બર ૨૦૨૫માં દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા બોંબ વિસ્ફોટના હુમલા પાછળ અલ-કાયદા ઈન ધ ઈન્ડિયન સબકોન્ટિનેન્ટ (AQIS) નો હાથ હતો. આ પહેલી વાર છે. જ્યારે યુએનના કોઈ સત્તાવાર દસ્તાવેજે આ હુમલાને સીધો જ આતંકી સંગઠન સાથે જોડ્યો છે. દરમિયાન, NIA ભારતમાં લાલ કિલ્લા પર થયેલા બોમ્બ વિસ્ફોટની તપાસ કરી રહી છે.

આ માહિતી ૩૮મા અહેવાલમાં બહાર આવી છે, જે ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ અને ૯ જૂન, ૨૦૨૬ વચ્ચેની ઘટનાઓને આવરી લે છે, અને ઓગસ્ટ ૨૦૨૬માં સુરક્ષા પરિષદને સુપરત કરવામાં આવી હતી.

અહેવાલ મુજબ, AQIS – અગાઉ એક નબળું અને ખંડિત સંગઠન હતું. હવે તે એક સંગઠિત પ્રાદેશિક બળ તરીકે ઉભરી રહ્યું છે. મોટા જૂથોમાં કાર્યરત થવાને બદલે, આ સંગઠન હવે સુરક્ષા એજન્સીઓની નજરથી બચવા માટે નાના, છૂટાછવાયા સેલ દ્વારા કાર્ય કરે છે. અલ-કાયદા ઈન ધ ઈન્ડિયન સબકોન્ટિનેન્ટ પોતાના સ્વતંત્ર લોજિસ્ટિક્સ અને ભંડોળ નેટવર્ક પણ સ્થાપિત કર્યા છે.

આ અહેવાલમાં એવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે કે, AQIS બાંગ્લાદેશમાં પાયો સ્થાપિત કરવાનો પ્રયાસ કરી શકે છે, જેથી સંભવતઃ સમગ્ર દક્ષિણ એશિયામાં તેની પહોંચનો વિસ્તાર કરી શકે છે.

આ અહેવાલમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સરહદ પારના હુમલાઓમાં વધારો પણ પ્રકાશિત કરવામાં આવ્યો છે. તાલિબાન પર પાકિસ્તાન વિરોધી જૂથ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) ને ટેકો આપવાનો આરોપ છે. આ સમર્થનને કારણે પાકિસ્તાની સુરક્ષા દળો પર હુમલાઓ અને બંને રાષ્ટ્રો વચ્ચે લશ્કરી અથડામણોમાં વધારો થયો છે.

આ રિપોર્ટમાં AQIS ને પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા ક્ષેત્રમાં ઈત્તેહાદ-ઉલ-મુજાહિદ્દીન પાકિસ્તાન (IMP) દ્વારા કરવામાં આવેલા હુમલાઓ સાથે પણ જોડવામાં આવ્યું છે, જેમાં બન્નુમાં સુરક્ષા ચોકી પાસે આત્મઘાતી હુમલો પણ સામેલ છે.

રિપોર્ટમાં બીજો એક ચિંતાજનક ખુલાસો એ છે કે આતંકવાદી સંગઠનો હવે બોમ્બ બનાવવા અને લક્ષ્ય પસંદગી અંગે માહિતી મેળવવા માટે ChatGPT જેવા AI સાધનોનો ઉપયોગ કરી રહ્યા છે. દરમિયાન, ISIL-K તેની પ્રચાર સામગ્રીને વિવિધ ભાષાઓમાં ઝડપથી અનુવાદિત કરવા માટે AIનો ઉપયોગ કરી રહ્યું છે.

રિપોર્ટ મુજબ, ISILના અંગ્રેજી ભાષાના મેગેઝિન, In-vade એ આ વર્ષે બોટ્યુલિનમ ટોક્સિન અને સાયનાઈડ જેવા ખતરનાક પદાર્થોના ઉત્પાદન અંગે સૂચનાઓ પ્રકાશિત કરી હતી, જે સંગઠનની જૈવિક અને રાસાયણિક શસ્ત્રોમાં સતત રુચિ દર્શાવે છે.

રિપોર્ટિંગ સમયગાળા દરમિયાન, યુએનની આતંકવાદી સંગઠનોની પ્રતિબંધોની યાદીમાં ત્રણ નવા નામ ઉમેરવામાં આવ્યા હતા, જ્યારે સાતને દૂર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ, અલ-નુસરા ફ્રન્ટ – જેને હયાત તહરિર અલ-શામ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનું નામ યાદીમાંથી સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યું હતું.

# યુક્રેને રશિયન બંદર અને નૌકાદળના બેઝ પર મોટા હવાઈ હુમલા કર્યા

**બે મુખ્ય ખાદ્ય ડેપોનો નાશ : રશિયા વિશ્વનો સૌથી મોટો ઘઉં નિકાસકાર દેશ છે, અને તેનું મોટાભાગનું અનાજ નોવોરોસિયસ્ક બંદર દ્વારા વિદેશમાં મોકલવામાં આવે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કીવ, તા.૧૩**

યુક્રેને બુધવારે રશિયન કાળા સમુદ્રના બંદર નોવોરોસિયસ્કને નિશાન બનાવ્યું હતું. ઘાતક ડ્રોન હુમલામાં બંદર સંકુલના બે અનાજ લોડિંગ પોઈન્ટ પર હુમલો થયો હતો, જેના કારણે નોંધપાત્ર નુકસાન થયું હતું અને કામગીરી સ્થગિત થઈ ગઈ હતી. યુક્રેનિયન હુમલામાં કાળા સમુદ્ર કિનારે નોવોરોસિયસ્ક ખાતે રશિયાના નૌકાદળના મથકને પણ નુકસાન થયું હતું. યુક્રેનિયન હુમલામાં બે રશિયન નાગરિકો માર્યા ગયા હતા.

રશિયા વિશ્વનો સૌથી મોટો ઘઉં નિકાસકાર દેશ છે, અને તેનું મોટાભાગનું અનાજ નોવોરોસિયસ્ક બંદર દ્વારા વિદેશમાં મોકલવામાં આવે છે. પરંતુ આ નિકાસ હવે બંધ થઈ ગઈ છે. કાળા સમુદ્રમાં વહાણો પર યુક્રેનિયન હુમલાના જવાબમાં રશિયાના મુખ્ય અનાજ વેપારીઓએ જુલાઈમાં ઘઉંની નિકાસ બંધ કરવાની ચેતવણી આપી હતી. આના સીધા પરિણામો પશ્ચિમ એશિયા અને આફ્રિકાના દેશો પર પડવાની ધારણા છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ કહ્યું છે કે, તેમના દળોએ નોવોરોસિસ્કમાં રશિયન નૌકાદળના મથકને ડ્રોન, મિસાઈલો અને માનવરહિત હુમલો બોટથી નિશાન બનાવ્યું હતું. યુક્રેન દ્વારા ક્રિમીઆ પર સતત હુમલાઓ બાદ, રશિયન નૌકાદળે ત્યાંથી તેના ઘણા યુદ્ધ જહાજો અને લશ્કરી બોટને નોવોરોસિયસ્ક સ્થિત નૌકાદળના મથક પર મોકલી દીધા હતા. યુક્રેન દ્વારા કરવામાં આવેલા તાજેતરના હુમલામાં અનેક રશિયન યુદ્ધ જહાજો અને હુમલો બોટને નુકસાન થયું હોવાના અહેવાલ છે.

નોવોરોસિયસ્કના મેયર આન્દ્રે ક્રાવચેન્કોએ જણાવ્યું હતું કે, યુક્રેનિયન હુમલામાં ચાર વ્યવસાયો અને બે ડઝનથી વધુ રહેણાંક ઈમારતોને નુકસાન થયું છે. હુમલા પછી શહેરના આકાશને કાળા ધુમાડાના મોટા ગોટા છવાયેલા જોવા મળ્યા હતા. નોવોરોસિયસ્ક, તેના ખાદ્ય નિકાસ પાયા ઉપરાંત, એક વિશાળ ક્રૂડ ઓઈલ નિકાસ માળખાગત સુવિધા પણ ધરાવે છે. તે કેસ્પિયન પાઈપલાઈન કન્સોર્ટિયમનું ઘર પણ છે, જે યુએસ કંપનીઓ શેવરોન અને એક્ઝોનમોબિલ વચ્ચેની ભાગીદારી છે, પરંતુ તેના પર હુમલાના કોઈ અહેવાલ નથી.

રશિયાએ યુક્રેનિયન શહેર ઝાપોરિઝિયા અને બંદર શહેર ઓડેસા પર હવાઈ હુમલા શરૂ કર્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં આગ લાગવાના અહેવાલો મળ્યા છે, પરંતુ કોઈ જાનહાનિ કે નુકસાન થયું નથી.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ચેતવણી આપી છે કે, જો યુરોપિયન દેશો રશિયન કાર્ગો જહાજો જપ્ત કરશે તો કડક પ્રતિક્રિયા આપવામાં આવશે. પુતિને યુક્રેન યુદ્ધ રોકવા માટે રશિયા પર દબાણ કરવા માટે યુરોપિયન દેશોની નવી યોજનાના જવાબમાં આ ટિપ્પણી કરી હતી. આ યોજના હેઠળ, યુરોપિયન યુનિયન દેશો રશિયાથી અન્ય દેશોને ક્રૂડ ઓઈલ અને ઉત્પાદનો સપ્લાય કરતા અનામી રશિયન જહાજોના કાફલાને જપ્ત કરશે. અગાઉ, યુક્રેન યુદ્ધના સાડા ચાર વર્ષમાં, એ સેંકડો રશિયન કાર્ગો જહાજો પર પ્રતિબંધો લાદ્યા હતા અને કેટલાક જહાજો જપ્ત કર્યા હતા અને તેમના ક્રૂની ધરપકડ કરી હતી.

## અમેરિકા-યુરોપમાં કેમ વધ્યો AIનો વિરોધ?

# ChatGPT મેકર OpenAIની ઓફિસમાં ઘૂસ્યા પ્રદર્શનાકારીઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩**

ભારતમાં ભલે સરકાર અને મોટાભાગનાં લોકો AIનાં ભરપેટ વખાણ કરી રહ્યાં છે. પરંતુ બીજી તરફ અમેરિકા અને યુરોપમાં તેના વિરોધમાં પ્રદર્શન થઈ રહ્યાં છે. ક્યારેક ગૂગલનાં ફાઉન્ડરની સ્પીચ અટકાવી દેવામાં આવે છે તો ક્યારેક મોટી ઈવેન્ટમાં એમેઝોનનાં ટોચના અધિકારીઓની ટીકા કરવામાં આવતી હોય છે અને તમામનું કારણ માત્ર AI જ રહ્યું છે. હવે ChatGPT મેકર OpenAIની ઓફિસમાં પ્રદર્શનકારીઓ ઘૂસી ગયા હતા, જેમાંથી 13 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

વૉશિંગ્ટન ડીસી સ્થિત લૉબિંગ ઓફિસમાં 2 કલાક સુધી વિદ્યાર્થીઓએ પ્રદર્શન કર્યુ હતું. આ માત્ર એક કંપની બહારનું સામાન્ય વિરોધ પ્રદર્શન નહોતું. અમેરિકા અને યુરોપમાં છેલ્લાં ઘણાં સમયથી AIનો વિરોધ થઈ રહ્યો છે. ઘણાં લોકોને નોકરી ગુમાવવાનો ડર છે તો ઘણાં કલાકાર પોતાના કામમાં તેના ઉપયોગથી ચિંતિત છે. આ ઉપરાંત AI માટે બનાવવામાં આવી રહેલા મોટા ડેટા સેન્ટર્સ વિજળી અને પાણીનો ભારે ઉપયોગ કરતા હોવાથી પણ વિરોધ થઈ રહ્યો છે.

માર્ચ 2026માં પણ પ્રદર્શનકારીઓએ OpenAIનાં હેડક્વાર્ટરથી એલોન મસ્કની xAI સુધી રેલી કાઢી હતી. પ્રદર્શનકારીઓ AIનાં ડેવલપમેન્ટને અટકાવવાની માગ કરી રહ્યાં હતા. AI વિરુદ્ધ રોષનું મુખ્ય કારણ નોકરી છે. બ્રિટનમાં કિંગ્સ કોલેજ લંડનનાં 2026નાં એક રિસર્ચમાં સામે આવ્યું કે, લગભગ 10 માંથી 7 લોકોને AIનાં કારણે નોકરી ગુમાવવાનો કે આર્થિક અસરનો ડર છે. 57 ટકા લોકોને લાગે છે કે, AI મોટા પ્રમાણમાં બેરોજગારી લાવી શકે છે. જ્યારે 22 ટકાના મતે AI એટલી ઝડપથી નોકરીઓનો અંત લાવશે કે, તેનાથી સામાજીક અશાંતિ સર્જાશે.

AI વિરુદ્ધ બીજો મોરચો કલાકારો અને ક્રિએટર્સનો છે. AI મૉડલને ટ્રેનિંગ આપવા માટે મોટાપ્રમાણમાં ડેટાની જરૂર હોય છે. તેમાં ઈન્ટરનેટ પર ઉપલબ્ધ પુસ્તકો, તસવીરો, સંગીત, લેખ અને બીજા કન્ટેન્ટ સામેલ છે. કલાકારો અને લેખકો સવાલ કરી રહ્યાં છે કે, તેમના કામને AIને ટ્રેનિંગ આપવા માટે વાપરવામાં આવી રહ્યાં છે તો મંજૂરી શા માટે નથી લેવાતી અને પૈસા કેમ નથી આપવામાં આવતા? માર્ચમાં બ્રિટનમાં 10 હજાર લેખકોએ AIનો વિરોધ કરવા માટે ખાલી પેજવાળા પુસ્તકો બહાર પાડ્યા હતા. આ પુસ્તકોમાં લેખકોના નામ તો હતા પરંતુ બાકીના પાનાઓ પર કોઈ લખાણ નહોતું. જે ભાવિ સ્થિતિ અંગે ચેતવણી આપવાનો સંકેત હતો. કલાકારો પણ આ રીતે માત્ર સ્ટુડિઓનો અવાજ રાખી વિરોધ નોંધાવ્યો હતો.

# વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પદ છોડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩**

અમેરિકાના રાજકારણમાંથી હાલમાં જ એક મોટા સમાચાર સામે આવ્યા છે, જેમાં વ્હાઈટ હાઉસના લોકપ્રિય પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટ ટૂંક સમયમાં જ પોતાના પદ પરથી રાજીનામું આપીને વિદાય લેવાના છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે સત્તાવાર રીતે જાહેરાત કરી હતી કે લેવિટ આ મહિનાના અંત સુધીમાં પોતાની જવાબદારીઓ પૂરી કરશે અને પોતાના નાના બાળકો તેમજ પરિવાર સાથે વધુ સમય વિતાવશે. પોતાના શાનદાર કાર્યકાળ દરમિયાન મીડિયા અને જનતા વચ્ચે મહત્વની કડી બનનાર લેવિટના આ નિર્ણયથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમના આ પારિવારિક નિર્ણયને સંપૂર્ણ સમ્માન આપીને સ્વીકાર્યો છે અને તેમને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક ભાવનાત્મક અને પ્રશંસાત્મક પોસ્ટ શેર કરીને કેરોલિન લેવિટને પોતાના સૌથી ભરોસાપાત્ર અને ઉત્સાહી સહયોગીઓ પૈકીના એક ગણાવ્યા છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, લેવિટે વર્ષ ૨૦૧૮ થી અત્યાર સુધી ન્યાય, સ્વતંત્રતા અને દેશની અસ્મિતા માટે અદ્ભુત કામગીરી કરી છે, જેમાં વર્ષ ૨૦૨૪ ની તેમની ઐતિહાસિક ચૂંટણી પ્રચાર શૈલી પણ સામેલ છે. વ્હાઈટ હાઉસના ઈતિહાસમાં સૌથી ઉત્કૃષ્ટ પ્રેસ સેક્રેટરી તરીકે તેમની સફર અત્યંત પ્રેરણાદાયક રહી છે અને તેઓ આગામી સમયમાં પણ રાષ્ટ્રપતિના ટોચના બાહ્ય સલાહકારોમાંના એક તરીકે સેવા આપવાનું ચાલુ રાખશે.

પોતાના રાજીનામાની જાહેરાત કરતી વખતે કેરોલિન લેવિટે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, છેલ્લા દોઢ વર્ષથી વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી તરીકે દેશની સેવા કરવી એ તેમના જીવનનું સૌથી મોટું સૌભાગ્ય અને ગૌરવશાળી ક્ષણ રહી છે. જોકે, એક માતા તરીકેની પોતાની જવાબદારીઓ અને નાના બાળકોની યોગ્ય દેખરેખ રાખવા માટે આ અત્યંત વ્યસ્ત અને આકરી નોકરી ચાલુ રાખવી તેમના માટે ખૂબ જ પડકારજનક બની રહી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, બે બાળકોની માતા તરીકે તેમને એવો અનુભવ થયો કે તેઓ આ પદને જેટલો સમય અને ઊર્જા આપવા માંગતા હતા તેટલો નહોતા આપી શકતા, જેના કારણે તેમણે પરિવારને પ્રાથમિકતા આપીને પદ છોડવાનો આ મુશ્કેલ નિર્ણય લીધો છે.

વ્હાઈટ હાઉસની સત્તાવાર જવાબદારીમાંથી મુક્ત થયા બાદ પણ કેરોલિન લેવિટ રિપબ્લિકન પાર્ટી અને 'મેક અમેરિકા ગ્રેઈટ અગેઈન' અભિયાનમાં એક અત્યંત પ્રભાવશાળી અવાજ તરીકે સક્રિય રહેવાના છે. આગામી સમયમાં આવનારી મહત્વપૂર્ણ ચૂંટણીઓની તૈયારીઓ વચ્ચે તેઓ રાષ્ટ્રપતિ ટ્રમ્પના બહારના મુખ્ય સલાહકાર તરીકે માર્ગદર્શન પૂરું પાડતા રહેશે અને વિરોધી પક્ષોની નીતિઓ સામે મજબૂત લડત આપશે. તેમનું આ નવું રાજકીય પ્રકરણ પણ એટલું જ ધારદાર અને પ્રભાવશાળી સાબિત થશે, કારણ કે તેઓ હંમેશા દેશની જનતા સુધી સત્ય પહોંચાડવા અને પોતાની રાષ્ટ્રવાદી વિચારધારાને આગળ ધપાવવા માટે પ્રતિબદ્ધ રહ્યા છે.

# અમેરિકન સૈનિકો ૨૩ વર્ષ બાદ ઈરાક છોડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વૉશિંગ્ટન, તા.૧૩**

લગભગ ૨૩ વર્ષ બાદ ઈરાકમાં અમેરિકી સૈન્યની હાજરી હવે સત્તાવાર રીતે પૂરી થવા જઈ રહી છે. ઈરાકના વડાપ્રધાન અલી અલ-ઝૈદીના કાર્યાલય દ્વારા આ અંગેની મોટી જાહેરાત કરવામાં આવી છે. આગામી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં તમામ અમેરિકી સૈનિકો ઈરાક છોડીને પરત ફરી જશે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) ના પ્રમુખ એડમિરલ બ્રાડ કૂપર સાથેની બેઠક બાદ આ મહત્ત્વપૂર્ણ નિર્ણયની પુષ્ટિ કરવામાં આવી છે.

ઈરાકમાં અમેરિકી સૈન્યની હાજરીની શરૂઆત વર્ષ ૨૦૦૩માં થઈ હતી, જ્યારે અમેરિકાએ તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ સદ્દામ હુસેનના શાસનને હટાવવા માટે અભિયાન શરૂ કર્યું હતું. વર્ષ ૨૦૧૧માં સૈનિકો પાછા બોલાવાયા હતા, પરંતુ વર્ષ ૨૦૧૪માં ISIS ના જોખમને કારણે સૈનિકોની ફરીથી તહેનાતી કરાઈ હતી. હવે ૩૦ સપ્ટેમ્બરના રોજ ઈરાકમાં અમેરિકી સેનાની ૨૩ વર્ષ લાંબી હાજરીનો ઔપચારિક અંત આવશે.

વડાપ્રધાન અલી અલ-ઝૈદીના કાર્યાલયના નિવેદન મુજબ, ISIS વિરુદ્ધના સૈન્ય મિશનને સમાપ્ત કરવા માટે ૩૦ સપ્ટેમ્બરની તારીખ અંતિમ નક્કી કરાઈ છે.

આગામી ૧ ઓક્ટોબરથી ઈરાક માટે એક નવા યુગની શરૂઆત થશે, કારણ કે દેશ કોઈપણ વિદેશી સૈન્ય હાજરીથી મુક્ત થઈ જશે. ઉત્તરી કુર્દ ક્ષેત્ર અર્બિલમાંથી સૈનિકો અને સાધનો હટાવવાની પ્રક્રિયા અગાઉથી જ શરૂ થઈ ચૂકી છે. આ સૈન્ય વાપસી એવા સમયે થઈ રહી છે જ્યારે મધ્ય-પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ યથાવત છે.



## મુવી ન્યૂઝ

### Spider-Manએ તોડી નાખ્યો સૌથી મોટો રેકોર્ડ!

# ભારતમાં ૫૦૦ કરોડ પાર કરનારી પહેલી હોલીવુડની ફિલ્મ બની




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૩**

'સ્પાઈડર મેન: બ્રાંડ ન્યૂ ડે' ફિલ્મે કમાણીના મામલે નવો રેકોર્ડ બનાવી દીધો છે. ફેન્સ આ ફિલ્મને ખૂબ સારી રીતે પસંદ કરી રહ્યા છે. ફિલ્મની અસર ફેન્સ પર એટલી રહી છે કે, હવે ફેન્સ સોશિયલ મીડિયા પર એની થીમને ફોલો કરી રહ્યા છે. એ થીમ સાથે પોતાના કસ્ટમાઈઝ ફોટો અને મેસેજ પોસ્ટ કરી રહ્યા છે. આ ફિલ્મે 500 કરોડ રૂપિયાનો વકરો કરી લીધો છે. આ ફિલ્મે ભારતમાં 60.60 કરોડનું ઓપનિંગ ડે ક્લેક્શન કર્યું હતું. એક સાથે 17000 સ્ક્રિન મળતા ફિલ્મને સારો એવો ફાયદો થયો છે. માત્ર મહાનગર જ નહીં, નાના નગરોમાં પણ ફિલ્મે જાદુ કર્યો છે. નાના શહેરના થિયેટર્સમાં આ ફિલ્મ સતત અઠવાડિયા સુધી ટકી રહી હતી. શૉ હાઉસફૂલ રહ્યા અને હજુ પણ ફેન્સ બીજીવાર જોવા માટે પસંદ કરે છે.

72 ટકા ફિલ્મને ડાયરેક્ટ ઓક્યુપેન્સી મળી રહેતા ફિલ્મની કમાણી પર આની સીધી અસર થઈ છે. બીજા દિવસ ફિલ્મે 49.35 કરોડનો વકરો કર્યો હતો. આ ક્લેક્શન હોલિવૂડની ફિલ્મ માટે ભારતમાંથી મોટું ગણવામાં આવે છે. ત્રીજા દિવસે કમાણી 70 કરોડને પાર કરી ગઈ હતી. નવમા દિવસે, ફિલ્મે 15 કરોડની કમાણી કરી. 10મા દિવસે, 31 કરોડની કમાણી કરી. 11મા દિવસે તેણે 34.70 કરોડ અને 12મા દિવસે 7.60 કરોડની કમાણી કરી.

ફિલ્મે 505.93 કરોડનું ગ્રોસ ક્લેક્શન કર્યું છે. જ્યારે તેની ડાયરેક્ટ ક્લેક્શન 423.05 કરોડ છે. આ ફિલ્મનું દિગ્દર્શન ડેસ્ટિન ડેનિયલ ક્રેટન દ્વારા કરવામાં આવ્યું છે અને તેમાં ટોમ હોલેન્ડ, સેડી સિંક અને ઝેન્ડાયા જેવા સ્ટાર્સ છે. તેને ખૂબ જ સારી પ્રતિક્રિયા મળી રહી છે અને હવે તે બોક્સ ઓફિસ પર અસાધારણ રીતે સારું પ્રદર્શન કરી રહી છે, દરેક પસાર થતા દિવસ સાથે કમાણીમાં વધારો થઈ રહ્યો છે. આવનારા દિવસોમાં ફિલ્મ કેવી રહેશે તે જોવાનું બાકી છે.

આ ફિલ્મ ચીનની બોક્સ ઓફિસ પર પણ મોટા પાયે કમાણી કરી રહી છે. $200 મિલિયનના આંકની નજીક છે, જે પહેલાથી જ $186.6 મિલિયનની કમાણી કરી ચૂકી છે. તે ટૂંક સમયમાં 'ગોડઝિલા વર્સિસ કોંગ' દ્વારા સ્થાપિત રેકોર્ડ તોડવા માટે તૈયાર છે, જે ચીનમાં $88.7 મિલિયનની કમાણી કરી ગઈ હતી.

હોલિવૂડની ફિલ્મ 500 કરોડને પાર 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' એ કોવિડ પછીના યુગમાં ચાઈનીઝ બોક્સ ઓફિસ પર ટોચની 5 સૌથી વધુ કમાણી કરનાર હોલીવુડ ફિલ્મોમાં સ્થાન મેળવ્યું છે. 'ઝૂટોપિયા' $657.8 મિલિયનની કમાણી કરીને પ્રથમ સ્થાન ધરાવે છે. 'અવતાર: ધ વે ઓફ વોટર' $246 મિલિયનની કમાણી સાથે બીજા ક્રમે છે. 'F9' ત્રીજા સ્થાને છે, જેણે $215.3 મિલિયનની કમાણી કરી છે.

'ગોડઝિલા વર્સિસ કોંગ' ચોથા સ્થાને છે, જ્યારે 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' પાંચમા સ્થાને છે. આ સાથે, તે ભારતમાં 500 કરોડની કમાણી કરનારી પ્રથમ હોલીવુડ ફિલ્મ બની ગઈ છે. તે સ્પાઈડર-મેન ફેન્ચાઈઝની સૌથી સફળ ફિલ્મ પણ બની ગઈ છે.

## ઉદય-મજનૂની જોડી ફરીવાર એકસાથે જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

'વેલકમ' ફ્રેન્ચાઈઝીની ૨ ફિલ્મમાં ઉદય અને મજનૂનાં રોલમાં નાના પાટેકર અને અનિલ કપૂરની જોડીએ ઘણી પ્રશંસા મેળવી હતી. તેમની ભૂમિકા આદર્શ રહી હતી. જોકે- વેલકમ-૩માં તેમની જોડી જોવા મળી નહોતી. ફિલ્મમાં દર્શકોએ આ બંનેની જોડીને ઘણી મીસ કરી હતી. જોકે, હવે મેકર્સે નાના પાટેકર અને અનિલ કપૂરને એકસાથે નવી ફિલ્મમાં સામેલ કરવાની યોજના બનાવી છે. જેમાં મૉર્ડન સમયમાં ઉદય અને



મજનૂ જોવા મળશે. નવી ફિલ્મમાં નાના પાટેકર અને અનિલ કપૂરની સાથે ટાઈગર શ્રોફ પણ જોવા મળશે.

'વેલકમ'નાં પ્રૉડ્યૂસર ફિરોઝ નાડિયાદવાલા એક જોમ્બી કોમેડી ફિલ્મ બનાવી રહ્યાં છે. જેને અહમદ ખાન ડિરેક્ટ કરશે. આ ફિલ્મ માટે નાના પાટેકર અને અનિલ કપૂરને અપ્રોચ કરાયો છે. તેમના કેરેક્ટર અગાઉ કરતા ઘણાં અલગ જોવા મળશે. આ ફિલ્મનું નામ હજુ સામે આવ્યું નથી. નાના અને અનિલ આ ફિલ્મ કરવા ઘણાં ઉત્સાહિત છે. ટાઈગર શ્રોફને પણ આ ફિલ્મ માટે ફાઈનલ કરવામાં આવ્યો છે અને તે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ હાલ રાઈટિંગનાં તબક્કામાં છે અને સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે. વર્ષ ૨૦૨૭નાં પ્રારંભે ફિલ્મની શૂટિંગ શરૂ થશે અને તે અટક્યા વિના ચાલતી રહેશે અને પૂર્ણ કરાશે. ફિલ્મની રિલીઝ ડેટ અંગે પણ કોઈ ખુલાસો થયો નથી.

## મહિલાએ લગાવ્યો આરોપ

# ઓસ્કાર એવોર્ડ વિજેતા ગીત 'નાટૂ નાટૂ' ના સિંગર સામે હૈંઇ દાખલ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બ્લોકબસ્ટર ફિલ્મ RRRના વૈશ્વિક સ્તરે સુપરહિટ થયેલા ગીત 'નાટૂ નાટૂ'ના સિંગર અને 'બિગ બોસ તેલુગુ 3'ના વિનર રહી ચૂકેલા રાહુલ સિપ્લીગંજ કાનૂની વિવાદમાં ફસાયા છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં તેમની અને તેમના 11 સગા-સંબંધીઓ સામે પોલીસ કેસ (FIR) નોંધવામાં આવ્યો છે. એક મહિલાએ ગંભીર આરોપ લગાવ્યો છે કે સિંગરના સગાએ લગ્નની લાલચ આપીને તેની સાથે છેતરપિંડી કરી હતી અને ત્યારબાદ તેના પ્રાઈવેટ વીડિયો વાઈરલ કરવાની ધમકી પણ આપી હતી.

અહેવાલ મુજબ, સંબંધમાં રાહુલના બહેનોઈ (જીજા) થતા એક વ્યક્તિએ મહિલા સમક્ષ પોતાની ઓળખ સિંગરના સંબંધી તરીકે આપીને લગ્નનું વચન આપ્યું હતું. બાદમાં તેણે મહિલાની અંગત તસવીરો અને વીડિયો લીક કરવાની ધમકી આપી હતી. પીડિતાની ફરિયાદના આધારે વિશાખાપટ્ટનમના એમવીપી પોલીસ સ્ટેશનમાં સિંગર રાહુલ સિપ્લીગંજ સહિત 11 લોકો સામે મહિલાને ડરાવવા-ધમકાવવા, માનસિક ત્રાસ આપવા અને જબરદસ્તી નિવેદન આપવા માટે મજબૂર કરવાના મામલે FIR દાખલ કરવામાં આવી છે. આ વિવાદ અંગે હાલ સિંગર તરફથી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2022માં આવેલી એસ.એસ. રાજામૌલીની ફિલ્મ RRRમાં રાહુલે 'નાટૂ નાટૂ' ગીત ગાયું હતું, જેને આંતરરાષ્ટ્રીય સ્તરે અભૂતપૂર્વ સફળતા મળી હતી. આ ગીતના મ્યુઝિક કંપોઝર એમ.એમ. કીરાવાનીએ ઓસ્કર એવોર્ડ જીતીને વિશ્વભરમાં ભારતીય સિનેમાનો ડંકો વગાડ્યો હતો. તેલુગુ મ્યુઝિક ઈન્ડસ્ટ્રીનો જાણીયો સિંગર રાહુલ સિપ્લીગંજે 'બિગ બોસ તેલુગુ'ની ત્રીજી સીઝનમાં ભાગ લીધો હતો અને તે સીઝન જીતીને તે વિજેતા બન્યો હતો. અનેક મોટી ફિલ્મોમાં સુપરહિટ ગીતો ગાયા બાદ હવે તે ગંભીર આરોપો હેઠળ કાનૂની મામલામાં ફસાતાં મનોરંજન જગતમાં આ સમાચાર ભારે ચર્ચાનો વિષય બન્યા છે. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

# મિસ વર્લ્ડ ૨૦૨૬માં મિસ ઈન્ડિયા નિકિતા પોરવાલ અને પાકિસ્તાની સુંદરી વચ્ચે જામી ટક્કર!

**સોશિયલ મીડિયા યુઝર્સ બંને દેશોની સુંદરીઓના ઈન્ટરવ્યુ, રેમ્પ વોક અને ફેશન સેન્સની સરખામણી કરી રહ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

મિસ વર્લ્ડ ૨૦૨૬માં મિસ ઈન્ડિયા નિકિતા પોરવાલ અને પાકિસ્તાની બ્યુટી ક્વીન વચ્ચે ટક્કર! જાણો બંને ગ્લેમરસ સ્પર્ધકો વિશે.

વૈશ્વિક સ્તરે સૌથી પ્રતિષ્ઠિત ગણાતી બ્યુટી પેજન્ટ 'મિસ વર્લ્ડ ૨૦૨૬'ને લઈને ઉત્સાહ ચરમસીમા પર છે. વિશ્વભરમાંથી આવતી સુંદરીઓ આ આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરી રહી છે. આ વખતે ભારત તરફથી ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ નિકિતા પોરવાલ દેશનું પ્રતિનિધિત્વ કરી રહી છે, જ્યારે પાકિસ્તાન તરફથી પણ બ્યુટી ક્વીન સ્પર્ધામાં ઉતરી છે.

સોશિયલ મીડિયા પર ભારત અને પાકિસ્તાન બંને દેશોની સ્પર્ધકોની સુંદરતા, ગ્રેસ અને સ્ટાઈલ સ્ટેટમેન્ટની ભારે ચર્ચા થઈ રહી છે.

વાત કરીએ કોણ છે મિસ ઈન્ડિયા નિકિતા પોરવાલ? તો મધ્ય પ્રદેશના ઉજ્જૈનની રહેવાસી નિકિતા પોરવાલ ફેશન અને ગ્લેમર વર્લ્ડમાં જાણીતું નામ છે. નિકિતાએ ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૨૪નો તાજ પોતાના નામે કર્યો હતો. તે વ્યવસાયે મોડેલ, થિયેટર આર્ટિસ્ટ અને રાઈટર છે.




મિસ વર્લ્ડ ૨૦૨૬ના મંચ પર નિકિતા ભારતીય સંસ્કૃતિ, પરંપરાગત પોશાક અને આધુનિક વિચારસરણીના સુંદર સમન્વય સાથે ભારતનું નામ રોશન કરી રહી છે. સોશિયલ મીડિયા પર તેના ગ્લેમરસ અને રોયલ લુક્સ વાઈરલ થઈ રહ્યા છે. મિસ વર્લ્ડના મંચ પર દરેક દેશની સ્પર્ધકો માત્ર તેમની બાહ્ય સુંદરતાથી જ નહીં, પરંતુ તેમના આત્મવિશ્વાસ, બુદ્ધિમત્તા અને સામાજિક કાર્યોના આધારે મૂલવવામાં આવે છે. પાકિસ્તાની સ્પર્ધક પણ પોતાના પરંપરાગત અને મોર્ડન અવતારથી ઈન્ટરનેટ પર લક્ષ્ય ખેંચી રહી છે.

સોશિયલ મીડિયા યુઝર્સ બંને દેશોની સુંદરીઓના ઈન્ટરવ્યુ, રેમ્પ વોક અને ફેશન સેન્સની સરખામણી કરી રહ્યા છે અને પોતપોતાના ફેવરિટ સ્પર્ધકને સપોર્ટ કરી રહ્યા છે.

અહીંયા તમારી જાણકારી માટે કે મિસ વર્લ્ડ સ્પર્ધામાં માત્ર ફેશન કે સુંદરતા જ મહત્વની નથી હોતી. ભારતીય સ્પર્ધક નિકિતા પોરવાલે પોતાના પ્રોજેક્ટ્સ દ્વારા સામાજિક મુદ્દાઓ અને મહિલા સશક્તિકરણ પર વિશેષ ભાર મૂક્યો છે, જે તેને ગ્લોબલ સ્ટેજ પર મજબૂત દાવેદાર બનાવે છે.

ગણદેવી તાલુકાના કાંઠા વિસ્તારમાં ભારે તારાજી

# નવસારીમાં પૂરથી ૧૪ ગામોમાં તારાજી, કલેક્ટર કચેરીએ ગ્રામજનોનો મોરચો

**રોષે ભરાયેલા ગ્રામજનોએ કલેક્ટર સમક્ષ આ ગેરકાયદેસર ઝીંગા તળાવો તાત્કાલિક અસરથી દૂર કરવાની ઉગ્ર માંગણી કરી છે**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી,તા.૧૩**

તાજેતરમાં ભારે વરસાદને કારણે આવેલા વિનાશક પૂરે નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના કાંઠા વિસ્તારમાં ભારે તારાજી સર્જી હતી. પૂરના પાણી ઓસર્યા બાદ પણ ૧૪ જેટલા ગામોમાં થયેલા વ્યાપક નુકસાનને કારણે ગ્રામજનોમાં ભારે આક્રોશ વ્યાપેલો છે.પૂરના કાયમી ઉકેલ માટે ગણદેવી તાલુકાના કાંઠા વિસ્તારના તમામ ૧૪ ગામોના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા અને નવસારી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચીને મોરચો માંડ્યો હતો.

સ્થાનિક ગ્રામજનોનો સણસણતો આરોપ છે કે કાંઠા વિસ્તારમાં આવેલ મેંધર ભાટ ગામના ઝીંગા તળાવો આ વિનાશક પૂર પાછળનું મુખ્ય જવાબદાર પરિબળ છે. ગેરકાયદેસર ઝીંગા તળાવોના કારણે કુદરતી પાણીના વહણમાં મોટો અવરોધ ઊભો થયો હતો જેના પરિણામે પૂરના પાણી ગામો તરફ ફંટાયા હતા અને જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.રોષે ભરાયેલા ગ્રામજનોએ કલેક્ટર સમક્ષ આ ગેરકાયદેસર ઝીંગા તળાવો તાત્કાલિક અસરથી દૂર કરવાની ઉગ્ર માંગણી કરી છે. આ ઉપરાંત વિસ્તારમાં નિર્માણાધીન કોસ્ટલ હાઈવે પણ ભવિષ્ય માટે મોટો ભય સાબિત થઈ રહ્યો હોવાનું લોકોનું માનવું છે.ગ્રામજનોએ ભીતિ દર્શાવી છે કે જો કોસ્ટલ હાઈવેની વર્તમાન ડિઝાઈન મુજબ જ કામ ચાલુ રહેશે તો આગામી સમયમાં પણ આ તમામ ગામો કાયમ માટે ડૂબાણમાં જશે. આ સમસ્યાના કાયમી નિવારણ માટે ગ્રામજનોએ હાઈવેની વર્તમાન કામગીરી તુરંત સ્થગિત કરી પાણીના સરાહરી નિકાલ માટે રોડને બદલે ઓવરહેડ હાઈવે બનાવવાની માંગ કરી છે. આ તમામ પડતર પ્રશ્નો અને આક્રોશને લઈને ૧૪ ગામના પ્રતિનિધિઓએ જિલ્લા કલેક્ટરને રૂબરૂ મળીને આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમણે સ્પષ્ટ ચીમકી આપી હતી કે જો તંત્ર દ્વારા આ મુદ્દે તાત્કાલિક ધોરણે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સમગ્ર કાંઠા વિસ્તારના લોકો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરશે. ગ્રામજનોની રજૂઆત સાંભળ્યા બાદ જિલ્લા કલેક્ટરે મામલાની ગંભીરતા સમજીને યોગ્ય પગલાં ભરવાની ખાતરી આપી હતી.

# નાનાપોંઢા અને કપરાડામાં ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની આગેવાનીમાં તિરંગા યાત્રા નીકળી

**નાનાપોંઢા ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ગૌરવપૂર્ણ ઉજવણીમાં નાગરિકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવનાને વધુ મજબૂત બનાવવા વલસાડ જિલ્લાના નાનાપોંઢા અને કપરાડા તાલુકામાં ‘હર ઘર તિરંગા’ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરીની આગેવાની હેઠળ યોજાયેલી આ યાત્રામાં સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, સ્થાનિક આગેવાનો, સામાજિક કાર્યકરો, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. હાથમાં તિરંગો લઈને નીકળેલી યાત્રાથી સમગ્ર વિસ્તારમાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. યાત્રા દરમિયાન ‘ભારત માતા કી જય’ સહિતના દેશભક્તિના નારાઓથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. રસ્તાની બંને બાજુથી નાગરિકોએ પણ યાત્રાનું સ્વાગત કરી દેશભક્તિની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિવસનો વલસાડ જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ આ વર્ષે નાનાપોંઢા ખાતે યોજાઈ રહ્યો છે. આ સમગ્ર વલસાડ જિલ્લા માટે ગૌરવની બાબત છે. આપણા દેશની આઝાદી માટે અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાનું જીવન અને સર્વસ્વ સમર્પિત કર્યું છે. તેમના બલિદાનને યાદ કરીને આપણે દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવું જોઈએ. નાનાપોંઢા ખાતે યોજાનાર જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય દિવસનો કાર્યક્રમ સમગ્ર વિસ્તાર માટે ગૌરવપૂર્ણ પ્રસંગ બનશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહે અને રાષ્ટ્રીય પર્વની ઉજવણીને ભવ્ય બનાવે તે માટે તેમણે સૌને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

ધારાસભ્યશ્રીએ વધુમાં જણાવ્યું કે, સ્વાતંત્ર્ય દિવસ માત્ર ધ્વજવંદન કે એક દિવસની ઉજવણી પૂરતો મર્યાદિત ન રહેવો જોઈએ. આ દિવસ આપણને દેશ પ્રત્યેની ફરજ, જવાબદારી અને રાષ્ટ્રીય એક્તાનો સંકલ્પ કરાવે છે. દરેક નાગરિકે પોતાના ક્ષેત્રમાં પ્રમાણિક્તા અને જવાબદારી સાથે કાર્ય કરીને દેશની પ્રગતિમાં સહભાગી બનવું જોઈએ.

# આજથી વાપીમાં ‘રાખી મેળા’નો પ્રારંભ થશેઃ મહિલાઓની સ્વનિર્ભરતાને મળશે પ્રોત્સાહન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે વાપીમાં નટરાજ હોટલ (શીતલ હોલ), ગુંજન રોડ, ગુંજન ખાતે તા.૧૪થી ૨૩ ઓગસ્ટ સુધી ‘રાખી મેળા’નું આયોજન કરવામાં આવ્યું છે. જેનુ ઉદ્‌ઘાટન તા.૧૪ ઓગસ્ટના રોજ સાંજે ૪:૦૦ કલાકે વાપી મહાનગરપાલિકાના મેયર શ્રીમતી દક્ષાબેન આર.પટેલના હસ્તે કરવામાં આવશે. ત્યારબાદ બીજા દિવસથી રાખી મેળાનો સમય સવારે ૧૧:૦૦ કલાકથી રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી રહેશ.

‘સ્નેહની રાખી-સ્વાવલંબનની ડોરી’ના સંદેશ સાથે યોજાનારા આ મેળામાં ગુજરાતની મહિલાઓ દ્વારા નિર્મિત હસ્તકલાની અનોખી કૃતિઓ, રોજિંદા ઉપયોગની ચીજવસ્તુઓ તેમજ ઘર સુશોભનની આકર્ષક વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે. મહિલાઓને આર્થિક રીતે સ્વાવલંબી બનાવવા અને તેમના દ્વારા ઉત્પાદિત વસ્તુઓને બજાર મળી રહે તે હેતુથી યોજાનારા આ મેળામાં વિવિધ મહિલા કારીગરોને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે.

નારી શક્તિને પ્રોત્સાહન આપવા વાપી તથા આસપાસના નાગરિકોને આ મેળાની મુલાકાત લેવા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ચીખલીમાં સાબયર ગઠિયા સક્રિયઃ યુવતિનું એટીએમ કાર્ડ બદલી રૂ.૪૨૦૦૦ ઉપાડી લીધા

**પોલીસે બે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી, (વંકાલ), તા.૧૩**

ચીખલીના વિજયનગર શોપીંગ સેન્ટર ખાતે એટીએમમાં પૈસા ઉપાડવા ગયેલી યુવતી સાથે કાર્ડ બદલી પૈસા ઉપાડી છેતરપીંડી કરતા પોલીસે બે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

ચીખલીના સોલધરા ખાતે રહેતી ચેલ્સીબેન પટેલ દોઢ મહિના પૂર્વે તા.૨૩-જૂનના રોજ નોકરી પરથી પરત આવતી વેળા સાંજના સમયે ચીખલી વિજયનગર સ્થિત એક્સીસ બેંકના એટીએમમાં પૈસા ઉપાડવા જતા પૈસા નહીં નીકળતા પાછળ ઉભી રહેલ એક અજાણ્યા ઈસમે હું ટ્રાય કરી આપું તેમ કહી હાથ ચાલાકીથી એટીએમ કાર્ડ બદલી બેંક ખાતામાંથી અલગ અલગ રીતે ૪૨,૦૦૦/- રૂપિયા ઉપાડી લઈ છેતરપીંડી કરતા ઉપરોક્ત બનાવ અંગેની ચેલ્સીબેન નિસર્ગભાઈ પટેલ (ઉ.વ.૨૫) (રહે.સોલધરા દુધિયા ફળીયા તા.ચીખલી જી.નવસારી)ની ફરીયાદમાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ શ્રી આર.એન.વાડલેએ હાથ ધરી હતી.

### પોલીસ સતર્કતા દાખવે તે જરૂરી?

ચીખલીના એસટી બસ ડેપો પાસે આવેલ વિજયનગર શોપીંગ સેન્ટરમાં આવેલા એટીએમ સેન્ટરમાં ગઠિયાઓએ અગાઉ પણ અનેક વખત નિર્દોષ નાગરિકોને પોતાની હાથચાલાકીનો ભોગ બનાવી લાખો રૂપિયા સેરવી લેવાના કિસ્સાઓ બનવા પામ્યા છે. ખાખી વર્દીના ખૌફ વગર ધોળા દિવસે પણ ગણતરીની મિનિટોમાં જ ગઠિયાઓ છેતરપિંડી આચરીને સરેઆમ પોલીસને હાથતાળી આપીને ફરાર થઈ જતા પોલીસ પ્રશાસનની લાચારી અને નિષ્ફળતાને કારણે હવે લોકોએ પોતેજ વધુ સતર્ક રહેવાની જરૂર પડી રહી છે. સતત બની રહેલી છેતરપીંડીની ઘટનાઓને પગલે સમગ્ર વિસ્તારમાં ભય, અસુરક્ષા અને દહેશતનો માહોલ છવાઈ ગયો છે. અસામાજિક તત્વોના વધતા જતા ઉપદ્રવથી અને પોલીસની નિષ્ક્રિયતાને પગલે ચીખલી હવે ગુનાખોરીનું હોટસ્પોટ બની રહ્યું હોય તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

# વલસાડમાં સરકારી કામોની ગેરરીતિના વિરોધમાં ભૂખ હડતાલ પર બેઠેલા કોંગ્રેસ કાર્યકરોને ડિટેઈન કરાયા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૩**

વલસાડ શહેર યુથ કોંગ્રેસના કાર્યકરો પાલિકા સહિતના સરકારી કામકાજમાં વેઠ અને ભ્રષ્ટાચારના મામલે વારંવાર વિરોધ કરતી રહી છે. આજે ગુરૂવારે યુથ કોંગ્રેસના કાર્યકરો ભુખ હડતાલ ઉપર ઉતર્યા હતા. ત્યાર બાદ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને કાર્યકરોને ડિટેઈન કરી પોલીસના વાહનોમાં પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા.

વલસાડમાં યુથ કોંગ્રેસના ભુખ હડતાલ પ્રદર્શન દરમિયાન પોલીસ કાર્યવાહીથી રાજકીય માહોલ ગરમાયો હતો. પ્રદર્શનકારીઓની અટકાયત દરમિયાન પોલીસ અને કાર્યકરો વચ્ચે ભારે ખેંચતાણ સર્જાઈ હતી. સમગ્ર મામલે યુથ કોંગ્રેસે પોલીસ કાર્યવાહી સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ કાર્યવાહી કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કરવામાં આવી હતી કે અન્ય કારણોસર તે અંગે સ્પષ્ટતા હવે મહત્ત્વની રહે છે. પોલીસ અને યુથ કોંગ્રેસ કાર્યકરો વચ્ચે મામલો વધુ બિચકાતા જુના કોંગ્રેસી કાર્યકરો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. હડતાલ જે હેતું શહેરમાં બની રહેલા વિવિધ પુલો અંગે ચાલી રહેતી તરફદારીનો મુખ્ય વિરોધ હતો.

**યુથ કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ સાથે ઘર્ષણ વધતા જુના કોંગ્રેસી પણ દોડી આવ્યા**

# “હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વાપીમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ”



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૩**

તા.૧૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ‘‘હર ઘર તિરંગા અભિયાન’’ અંતર્ગત વાપી મહાનગરપાલિકાના વોર્ડ નં.૪ અને વોર્ડ નં.૧૩ દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકાના મેયર શ્રીમતી દક્ષાબેન પટેલ તેમજ વાપી શહેરના પ્રભારી શ્રી ભરતભાઈ જાધવની ઉપસ્થિતિમાં યોજાયેલી આ યાત્રામાં દેશભક્તિનો માહોલ છવાઈ ગયો હતો.

તિરંગા યાત્રાનો પ્રારંભ દેગામ હનુમાનજી મંદિર, ડુંગરી ફળિયા ખાતેથી થયો હતો. ત્યાંથી યાત્રા સનસિગ્નેચર, હરિયા પાર્ક, અંબા માતાજી મંદિર પાસે ભાજપ કાર્યાલય હરિયાપાર્ક ડુંગરા ખાતે મહાનગરપાલિકાના શાસક પક્ષના પૂર્વ નેતા શ્રી નિલેશભાઈ રાઠોડના કાર્યાલય ખાતે પહોંચી ભવ્ય રેલીનું સમાપન કરવામાં આવ્યું હતું.

આ તિરંગા યાત્રામાં વાપી શહેરના પ્રમુખ શ્રી મનીષ દેસાઈ, હાલ સ્ટેન્ડિંગ કમિટી વાપીના ચેરમેન શ્રી સતિષભાઈ પટેલ, વાપી શહેરના મહામંત્રી શ્રી વિરાજભાઈ દક્ષિણી અને હાર્દિકભાઈ પટેલ, મહાનગર પાલિકાના શાસક પક્ષના પૂર્વ નેતા શ્રી નિલેશભાઈ રાઠોડ, વોર્ડ નં.૪ના સભ્ય શ્રી દર્પણ દેસાઈ અને શ્રી દેવેન્દ્રભાઈ, સભ્ય શ્રીમતી ચાર્મી તેજશ વશી, વાપી મહાનગરપાલિકાના શાસક પક્ષના પૂર્વ પ્રમુખ નેતા શ્રી પંકજભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ સહિતના આગેવાનો, કાર્યકરો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ખાસ કરીને સરસ્વતી વિદ્યાધામ, ડુંગરા, માઉન્ટ એસીસી અંગ્રેજી માધ્યમ સ્કૂલ, જ્યોતિધામ સ્કૂલ, શ્રીજી સ્કૂલ હરિયા પાર્ક તેમજ આર.એસ. ઝૂનઝૂનવાલા ઈન્ટરનેશનલ વાપી સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર તિરંગા યાત્રામાં ભાગ લીધો હતો. હાથમાં તિરંગો અને હૃદયમાં દેશભક્તિની ભાવના સાથે વિદ્યાર્થીઓએ સમગ્ર વાતાવરણને રાષ્ટ્રભક્તિના રંગે રંગી દીધું હતું.

હર ઘર તિરંગા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક નાગરિકમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન, રાષ્ટ્રપ્રેમ અને દેશની એકતા-અખંડિતતાની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો છે. ભવ્ય તિરંગા યાત્રા દ્વારા ‘‘મારો તિરંગો, મારું ગૌરવ’’નો સંદેશ જન-જન સુધી પહોંચાડવામાં આવ્યો હતો. તિરંગો આપણી આન, બાન અને શાન છે. દરેક ઘરમાં તિરંગો લહેરાય અને દરેક હૃદયમાં ભારત વસે, એ જ હર ઘર તિરંગા અભિયાનનો સંકલ્પ છે.

# આજે વલસાડના મોરારજી દેસાઈ ઓડિટોરીયમમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ ઉજવાશે

**વંદે માતરમ્‌નું સામૂહિક ગાન, ડોક્યુમેન્ટરી, નાટ્ય પ્રસ્તુતિ સહિતના કાર્યક્રમ સાથે સાંજે કેન્ડલ માર્ચ પણ નીકળશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

ભારતના વિભાજન દરમિયાન અસંખ્ય પરિવારાને સહન કરવી પડેલી પીડા, વિસ્થાપન, સંઘર્ષ અને બલિદાનની સ્મૃતિમાં વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા.૧૪ ઓગસ્ટના રોજ સાંજે ૬:૩૦ કલાકે વલસાડ શહેરના મોરારજી દેસાઈ ઓડિટોરીયમ ખાતે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનું આયોજન કરાયું છે.

વિભાજનની વેદનાને સ્મરીએ, બલિદાનને નમન કરીએ ટેગલાઈન સાથે યોજાનાર આ કાર્યક્રમમાં વિભાજનની કરૂણ યાદોને સ્મરી, તેનો ભોગ બનેલા લાખો નાગરિકોના સંઘર્ષ, ધૈર્ય અને બલિદાનને નમન કરીશુ. સાથે જ આવનારી પેઢીને ઈતિહાસની આ કરૂણ ઘટનાથી પરિચિત કરાવી શાંતિ, એક્તા અને માનવતાના મૂલ્યો પ્રત્યે સંકલ્પબધ્ધ થઈશું.

કાર્યક્રમમાં વંદે માતરમ્ પૂર્ણ સ્વરૂપનું સામૂહિક ગાન કરાશે. વિભાજન વિભીષિકા વિષયક ડોક્યુમેન્ટરીની પ્રસ્તુતિ કરાશે. વિભાજનઃ એક આતંક વિષય પર નાટક રજૂ કરાશે. સંઘર્ષ ગાથાની પ્રસ્તુતિ કરાશે ત્યારબાદ સાંજે ૭:૩૧ કલાકે મોરારજી દેસાઈ ઓડિટોરીયમથી કેન્ડલ માર્ચનો પ્રારંભ થશે, જે આઝાદ ચોક ખાતે પહોંચશે. જેમાં સૌ વલસાડવાસીઓને ઉપસ્થિત રહેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ચીખલીના બલવાડા નેશનલ હાઈવે પરથી વિદેશી દારૂના જથ્થા સાથે બે ખેપિયાની ધરપકડ કરાઈ



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૧૩**

ચીખલીના બલવાડા નેશનલ હાઈવે પરથી વિદેશી દારૂના જથ્થા સાથે બે જેટલા ખેપિયાની ધરપકડ કરી અન્ય ત્રણ જેટલાને વોન્ટેડ જાહેર કરી પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

ચીખલી પોલીસના પીઆઈ શ્રી પી.બી.પટેલીયા, પીએસઆઈ-આર. એન. વાડલે, સર્વલન્સ સ્ટાફના અલ્પેશભાઈ, મહેન્દ્રભાઈ, વિજયભાઈ, જયપાલસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન પૂર્વ બાતમીના આધારે બલવાડા નેશનલ હાઈવે ઉપર મુંબઈથી અમદાવાદ જતા રોડ ઉપર વોચ ગોઠવતા બાતમી મુજબની મારૂતિ સુઝુકી સ્વીફ્ટ કાર નં.જીજે-૧૫-સિક્યુ-૭૫૧૭ આવતા જેને રોકી તલાસી લેતા અંદરથી વિદેશી દારૂની નાની-મોટી બોટલ નંગ-૯૨૪ કિ.રૂા.૨,૬૩,૭૬૦/- મારૂતિ સ્વીફ્ટ કાર કિ.રૂા.૫ લાખ, ત્રણ નંગ મોબાઈલ કિ.રૂા.૨૦,૦૦૦/- મળી કુલ્લે રૂા.૭,૮૩,૭૬૦/-ના મુદ્દામાલ સાથે ચાલક અંકિત વિનોદભાઈ ધોડિયા પટેલ (ઉ.વ.૨૭) (રહે. જૂજવા ગામ મિલ ફળીયા તા.જી.વલસાડ) તથા આનંદ રાજેશ નાયકા (ઉ.વ.૨૬) (રહે. સોધલવાડ મંદિર ફળીયા તા.પારડી જી.વલસાડ) એમ બે જેટલાની ધરપકર કરી હતી.

જ્યારે દારૂનો જથ્થો ભરાવનાર સાજન ભરત પટેલ (રહે.સોંધલવાડ મંદિર ફળીયા તા.પારડી જી.વલસાડ) તથા દારૂનો જથ્થો મંગાવનાર સુનિલ (રહે. સુરત) તેમજ સાજન પટેલનો માણસ એમ ત્રણ જેટલાને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ પીએસઆઈ શ્રી આર.એન.વાડલે કરી રહ્યા છે.

**CHANGE OF NAME**

OLD NAME:
USARA KHATRI
**NEW NAME:**
YUSRA SAIYED
**Address:-** 107 Crown Heights, Near Vithal Mandir, Opp Hdfc Bank, Daman, Moti Daman, Dadra and Nagar Haveli and Daman and Diu, 396220

**CHANGE OF NAME**

OLD NAME:
MO. SHAKIR
**NEW NAME:**
SAIYED MOHAMMAD SHAKIR ABDUL SHAKUR
**Address:-** 107 Crown Heights, Near Vithal Mandir, Opp Hdfc Bank, Daman, Moti Daman, Dadra and Nagar Haveli and Daman and Diu, 396220

**પ્રાઈમા પ્લાસ્ટિક્સ લિમિટેડ**
(CIN - L25206DD1993PLC001470)
રજિસ્ટર્ડ ઓફિસ : ૯૮/૪, પ્રાઈમા હાઉસ, દમણ ઈન્ડ. એસ્ટેટ, કડૈયા, નાની દમણ, દમણ (સંઘપ્રદેશ) - ૩૯૬ ૨૧૦. ફોન નં.: 0260-2220445
ઈમેઈલ : cs@primaplastics.com
વેબસાઈટ : www.primaplastics.com

**સૂચના**

**ફિઝીકલ શેરો માટે ટ્રાન્સફર વિનંતીઓ ફરીથી દાખલ કરવા માટે ખાસ વિન્ડો**

સેબીના પરિપત્ર નં. H0/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ મુજબ, કંપનીના શેરધારકોને જાણ કરવામાં આવે છે કે, ૦૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલા ટ્રાન્સફર માટે સબમિટ કરાયેલા અને દસ્તાવેજો/પ્રક્રિયામાં ખામીઓને કારણે નકારવામાં આવેલા/પરત કરવામાં આવેલા/અવગણવામાં આવેલા ટ્રાન્સફર ડીડ ફરીથી સબમિટ કરવા માટે **૦૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી ૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૭** સુધી એક વર્ષ માટે એક ખાસ વિન્ડો ફરીથી ખોલવામાં આવી છે.

લાયક શેરધારકો જરૂરી દસ્તાવેજો સાથે તેમના ટ્રાન્સફર ડીડ કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (RTA), બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડને તેમના ઓફિસ સરનામેઃ ઓફિસ નં. S6-2, છઠ્ઠો માળ, પિનેકલ બિઝનેસ પાર્ક, આહુરા સેન્ટરની બાજુમાં, મહાકાલી કેવ્સ રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ - ૪૦૦૦૯૩, મહારાષ્ટ્ર, ભારત; ઈમેઈલઃ info@bigshareonline.com ખાતે સબમિટ કરી શકે છે.

આ સમયગાળા દરમિયાન, ટ્રાન્સફર માટે ફરીથી દાખલ કરાયેલી સિક્યોરિટીઝ ફક્ત ડિમટીરિયલાઈઝ્ડ મોડમાં જ જારી કરવામાં આવશે. આ ખાસ વિન્ડો ખોલવા વિશેની માહિતી કંપનીની વેબસાઈટ www.primaplastics.com પર પણ આપવામાં આવી છે.

**પ્રાઈમા પ્લાસ્ટિક્સ લિમિટેડ વતી**
**સહી/-**
**નેહલ ગોયલ**
**કંપની સેક્રેટરી અને અનુપાલન અધિકારી**

**સ્થળ : મુંબઈ**
**તારીખઃ ૧૪-૦૮-૨૦૨૬**

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

## નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં

# વાપીમાં ભર વરસાદમાં ૪ કિમી લાંબી ભવ્ય તિરંગા યાત્રા નીકળી

**વાપીવાસીઓએ તિરંગા યાત્રા પર ઠેર ઠેર પુષ્પવર્ષા કરી ઉષ્માભેર સ્વાગત કર્યું: ભારત માતા કી જય અને વંદે માતરમ્‌ના નારાથી વાપી ગુંજી ઉઠ્યું, ૪૫૦૦થી વધુ લોકો જોડાયા**







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૩**

રાજયના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ગરિમામય ઉપસ્થિતિમાં વાપીમાં ચાર કિ.મી. લાંબી જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા ભર વરસાદમાં નીકળી હતી. આ તિરંગા યાત્રામાં ૨૫ સ્કૂલના ૩૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને અધિકારીઓ-પદાધિકારીઓ તેમજ નગરજનો મળી કુલ ૪૫૦૦થી વધુ લોકો ઉત્સાહભેર જોડાયા હતા. વાપીવાસીઓએ તિરંગા યાત્રા પર ઠેર ઠેર પુષ્પવર્ષા કરી ઉષ્માભેર સ્વાગત કરી ''ભારત માતા કી જય'', ''વંદે માતરમ'' અને ''જય હિંદ''ના ગગનભેદી નારા લગાવતા સમગ્ર માહોલ દેશભક્તિમય બન્યો હતો.

વલસાડ જિલ્લામાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પૂર્વે દેશની યુવા પેઢી આઝાદીનું મૂલ્ય સમજે અને આઝાદીની લડતમાં પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર શહીદોની શહાદતને યાદ કરી શ્રધ્ધાંજલિ આપવા માટે દર વર્ષે તિરંગા યાત્રાનું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે વાપી ખાતે રાષ્ટ્રપ્રેમ અને એકતાના પ્રતિક સમી જિલ્લા કક્ષાની 'તિરંગા યાત્રા'નું આયોજન જિલ્લા વહીવટી તંત્ર અને વાપી મહાનગરપાલિકા દ્વારા સંયુક્તરૂપે કરવામાં આવ્યું હતું. જેમાં 'વંદે માતરમ' ગીતની રચનાના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરની ઉજવણી પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, ૮૦માં સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે નીકળેલી જિલ્લા કક્ષાની આ તિરંગા યાત્રાના આયોજન બદલ વાપી મનપા અને જિલ્લા વહીવટી તંત્ર અભિનંદનને પાત્ર છે. આજે ભર વરસાદમાં પણ વાપીવાસીઓ અહીં મોટી સંખ્યામાં ઉપસ્થિત છે તે રાષ્ટ્ર પ્રત્યેનો તેમનો અદમ્ય પ્રેમના દર્શન કરાવે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તિરંગાને સરકારી કચેરીઓ અને વિશિષ્ટ સ્થળો પરથી બહાર કાઢી સામાન્ય નાગરિક પણ તિરંગાને શાનથી લહેરાવી શકે તેવુ આયોજન કર્યુ છે જે બદલ આપણે વડાપ્રધાનશ્રીનો આભાર માનીએ છે.

મંત્રી સહિતના મહાનુભાવોએ વલસાડ જિલ્લા તિરંગા યાત્રાને સવારે ૯.૦૦ કલાકે વાપીના શ્યામજી કૃષ્ણ વર્મા ચોક ખાતે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. જે તેના નિર્ધારિત રૂટ મુજબ શ્યામજી કૃષ્ણ વર્મા ચોકથી શરૂ થઈને વંદે માતરમ ચોક, રોટરી સર્કલ અને માં ફાઉન્ડેશન સર્કલ થઈને શહીદ પ્રેમકુમાર પાટીલ ઉદ્યાન ખાતે સંપન્ન થઈ હતી. ભવ્ય તિરંગા યાત્રામાં પોલીસ બેન્ડ, ઘોડેસવાર પોલીસ જવાનો અને બુલેટ રાઈડર્સની ટીમે પણ આકર્ષણ જગાવ્યું હતું. યાત્રામાં જોડાયેલા દરેકના હાથમાં તિરંગો લહેરાતો જોઈ વાપી તિરંગામય બન્યુ હતું.

આ રાષ્ટ્રીય પર્વની શાનદાર ઉજવણીમાં વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, ડે.મેયર મિતેશ દેસાઈ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન સતિષ પટેલ, જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, વાપી મનપા કમિ'ર એન.એફ.ચૌધરી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, જિલ્લા સંગઠન મહામંત્રી કમલેશ પટેલ અને વાપી શહેર સંગઠનના પ્રમુખ મનીષ દેસાઈ સહિત મોટી સંખ્યામાં વાપીવાસીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

## વાપી કેબીએસ કોલેજથી ચણોદ કોલોની સુધીના વીજપોલ ટેમ્પાની ટક્કરથી ધરાશાયી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૩**

વાપી સેલવાસ રોડ ઉપર બુધવારે રાત્રે કેબીએસ કોલેજથી ચણોદ કોલોની સુધીના વીજપોલ ધરાશાયી થયા હતા. પુરઝડપે આવી રહેલ ટેમ્પાએ ટક્કર મારતા વીજપોલ ક્ષતિગ્રસ્ત થતા ધરાશાયી થયા હતા. ચણોદ કોલોની વિસ્તારમાં ઘટનાને લઈ અંધારપટ છવાઈ ગયો હતો.

વાપી કેબીએસ કોલેજ અને ચણોદ કોલોની વચ્ચે પુરઝડપે સેલવાસ તરફથી આવી રહેલા ટેમ્પોએ વીજપોલને ટક્કર મારી દેતા વીજપોલ ધરાશાયી થયા હતા. વીજપોલ ધરાશાયી થતા ચણોદ કોલોની વિસ્તારમાં અંધારપટ છવાયો હતો પરંતુ અંધારપટની યાતના લોકોએ વધુ સમય જીલવી પડી નહોતી. વીજ કર્મચારીઓએ યુધ્ધના ધોરણે ફરજ બજાવીને વીજપુરવઠો પૂર્વવત શરૂ કરી દેતા લોકોએ રાહત અનુભવી હતી.

### વલસાડ એલ.સી.બી.ની સફળતા

## દુકાનો તોડી સિગારેટ ચોરતી આંતરરાજ્ય ગેંગના બે આરોપી ઉમરગામથી ઝડપાયા

**જે તે શહેરમાં કાર ચોરી કરી આરોપીઓ એજ કારથી ચોરી કરવા જતા: રૂા.૮.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત, પાંચ ગુનાના ભેદ ઉકેલાયા**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૩**

વલસાડ એલ.સી.બી.ને મોટી સફળતા મળી છે. આંતરરાજ્ય સિગારેટ ચોરી કરતી ગેંગના બે આરોપીને પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. આરોપીઓની મોડસઓપરેન્ડી ખાસ એ હતી કે જે તે શહેરમાં પહેલા કારની ચોરી કરતા હતા બાદમાં દુકાનોને નિશાન બનાવી સિગારેટ બોક્ષની ચોરી કરી મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાં ફરાર થઈ જતા હતા.

વલસાડ જિલ્લામાં સિગારેટ ચોરી અંગે મળેલી વિવિધ ફરિયાદો બાદ એલ.સી.બી.એ ચાંપતી તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસને ભારે સફળતા મળી છે. સિગારેટ ચોરી કરતી ગેંગ ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના વિવિધ શહેરોમાં ચોરી કરતી હતી. ચોરી કર્યા પહેલા આરોપીઓ જે તે શહેરમાંથી કારની ચોરી કરી લેતા, બાદમાં કારમાં ફરીને ચોરીનો અંજામ આપતા હતા. ગેંગના બે આરોપીને પોલીસે ઝડપી પાડ્યા છે. પૂછપરછ કરતા આરોપીઓએ પાંચ અન્ય ગુનાની પણ પોલીસ સમક્ષ કબુલાત કરી હતી. આરોપી પાસેથી રૂા.૮,૪૫,૧૮૦ લાખનો મુદ્દામાલ રિકવર કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.